પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષ:૨૪, અંક:૧૨૦, કુલ પાના:૪, તારીખ: ૧૨-૦૧-૨૦૨૧ મંગળવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 120 PRICE :-RS. 1.50 DATE : 12-01-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### આંદોલનકારી ખેડૂતોની પડખે સુપ્રિમઃ મોદી સરકારની ઝાટકણી કાઢી

## કૃષિ કાયદા પર તમે રોક લગાવશો કે અમે પગલાં ભરીએ?

ન્યુ દિલ્હી,

સુપ્રીમ કોર્ટે કૃષિ કાનૂનો પર આજે સખત વલણ અપનાવતાં સરકારને ફટકાર લગાવી છે. કોર્ટે સરકારને સીધો સવાલ કર્યો કે તે કાનૂનને સ્થગિત કરે છે કે પછી તેના પર રોક લગાવી દે? કોર્ટે કહ્યું કે ખેડૂતોની ચિંતાઓને કમિટીની સામે રાખવાની જરૂર છે. તેમણે પૂર્વ ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા આર એમ લોઢાની અધ્યક્ષતામાં કમિટિ બનાવવાનું સૂચન પણ આપ્યું. લોઢા સ્પોટ ફિક્સિંગ મામલામાં બનાવાયેલી કમિટિના અધ્યક્ષ પણ હતા. કોર્ટે ખેડૂત આંદોલન પર સરકારના વિવાદને ઉકેલવાની રીત સામે પણ નારાજગી વ્યક્ત કરી છે. સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે





સરકારને તીખા સવાલો પણ પુછ્યા હતા. નોંધનીય છે કે આ મામલાને કાલે ફરીથી સાંભળવામાં આવશે અને તેમાં કમિટીના ગઠનને લઈને મોટો નિર્ણય સામે આવી શકે છે.

સુપ્રીમ કોર્ટે કેન્દ્રને કહ્યું કે અમે નથી સમજતાં કે તમે યોગ્ય રીતે મામલાને હેન્ડલ કર્યો છે. કોર્ટે કહ્યું કે, અમે અત્યારે કાનૂનના મેરિટ પર જઈ રહ્યા નથી પણ અમારી ચિંતા હાલની ગ્રાઉન્ડ સ્થિતિને લઈને છે જે ખેડૂતોના પ્રદર્શનને કારણે થઈ છે. ખેડૂત સંગઠનોના વકીલ દુષ્યંત દવેએ કહ્યું કે, અમે ૨૬ જાન્યુઆરીને ટ્રેક્ટર માર્ચ કરવા જઈ રહ્યા નથી. તેઓએ કહ્યું કે આટલો મહત્વપુર્ણ કાયદો કેવી રીતે સંસદમાં ચર્ચા વગર ધ્વનિમતથી પાસ કરી દેવાયો.

ચીફ જસ્ટિસે કહ્યું કે અમને ખુશી થઈ છે કે દવેએ આમ કહ્યું. સુપ્રીમ કોર્ટે કહ્યું કે અમે પ્રદર્શનની વિરોધમાં નથી પણ જો કાનૂન પર રોક લગાવી દેવામાં આવે છે તો ખેડૂત શું પ્રદર્શન સ્થળથી પોતાના ઘરે પરત જતાં રહેશે? સુપ્રીમ કોર્ટે કહ્યું કે, ખેડૂત કાનૂન પરત ખેંચવા ઈચ્છે છે જ્યારે સરકાર મુદ્દાઓ પર વાત કરવા માગે છે. અમે અત્યારે કમિટી બનાવીશું અને કમિટીની વાતચીત ચાલુ રહેવા સુધી કાનૂનના અમલ પર અમે સ્ટે મૂકીશું.

જ્યારે સોલિસિટર જનરલે કમિટિ માટે નામની ભલામણ માટે એક દિવસનો સમય માગ્યો તો ઝત્નૈએ કહ્યું કે, અમે રિટાયર થઈ રહ્યા છીએ. અમે આદેશ જાહેર કરીશું. તેના પર એટોર્ની જનરલે કહ્યું કે, આદેશને કાલે આપજો, ઉતાવળ ન કરો. તો સીજેઆઈએ કહ્યું કે, કેમ નહીં? અમે તમને બહુ લાંબો રસ્તો આપ્યો છે. અમને ધીરજ પર લેક્ચર ન આપો. અમે નક્કી કરીશું કે ક્યારે આદેશ આપવાનો છે. અમે આદેશનો અમુક ભાગ આજે આપી શકીએ છીએ અને બાકીનો કાલે. વરિષ્ઠ વકીલ હરીશ સાલ્વેએ કહ્યું કે, જો કોર્ટ કાનૂન પર રોક લગાવે છે તો ખેડૂત પોતાનું આંદોલન પરત લઈ લે. તેના પર ચીફ જસ્ટિસે કહ્યું કે મિસ્ટર સાલ્વે, બધું એક આદેશથી હાંસલ કરી શકાતું નથી. ખેડૂત કમિટી પાસે જશે. કોર્ટ એ આદેશ પારિત કરી શકતી નથી કે નાગરિક પ્રદર્શન કરી શકતા નથી. સ્થિતિ દિવસે ને દિવસે ખરાબ થઈ રહી છે. ખેડૂત આત્મહત્યા કરી રહ્યા છે. ખેડૂત કાયદાના વિરોધમાં પ્રદર્શન કરી રહ્યા છે. તેઓને પોતાની સમસ્યાઓ કમિટીને સામે કહેવા દો. આ કમિટીના રિપોર્ટ ફાઈલ કર્યા બાદ કાનૂન પર કોઈ નિર્ણય લેવામાં આવશે.

ચીફ જસ્ટિસે કહ્યું કે કોર્ટ કોઈપણ નાગરિકને એ આદેશ આપી શકતી નથી કે તમે પ્રદર્શન ના કરો. હા એ ચોક્કસ કહી શકાય કે તમે આ જગ્યાએ પ્રદર્શન કરો. જો કોઈ ઘટના બને છે તો તેના માટે જવાબદાર બધા રહેશે. ચીફ જસ્ટિસે કહ્યું કે અમને લાગે છે કે જે રીતે ધરણા પ્રદર્શન પર હરકતો (ઢોલ-નગારા વગેરે) થઈ રહી છે તેને જોતા લાગે છે કે એક દિવસ શાંતિપૂર્ણ પ્રદર્શનમાં કંઈક ઘટિત થઈ શકે છે. અમે નથી ઈચ્છતા કે કોઈ ઘાયલ થાય.

### રાષ્ટ્રીય પરિવાર સ્વાસ્થ્ય સર્વેક્ષણ રિપોર્ટમાં ખુલાસો

## ડ્રાઈ સ્ટેટ ગુજરાતમાં દારૂ પીતી મહિલાઓની સંખ્યા બમણી થઈ

ગાંધીનગર,

ગુજરાતથી એક ચોંકાવનારો રિપોર્ટ સામે આવ્યો છે. આંકડાઓ મુજબ ગત પાંચ વર્ષમાં ડ્રાઈ સ્ટેટ ગુજરાતમાં દારૂનું સેવન કરતી મહિલાઓની સંખ્યા બમણી થઈ ગઈ છે. જ્યારે પુરુષોના દારૂ પીવાના મામલા ઘટીને અડધા થઈ ગયા છે. હાલમાં જાહેર થયેલ રાષ્ટ્રીય પરિવાર સ્વાસ્થ્ય સર્વેક્ષણ, ૨૦૧૯-૨૦ના રિપોર્ટમાં આ ખુલાસો થયો છે.



ગુજરાતમાં કુલ ૩૩,૩૪૩ મહિલાઓ અને ૫,૩૫૨ પુરુષોનું સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું. જેમાંથી ૨૦૦ મહિલાઓ (૦.૬%) અને ૩૧૦ પુરુષો (૫.૮%)એ દાવો કર્યો કે તેઓ દારૂ પીવે છે. જ્યારે ૨૦૧૫ના એનએફએચએસ સર્વેક્ષણ દરમ્યાન ૬૮ મહિલાઓ (૦.૩%) અને ૬૬૮ પુરુષો (૧૧.૧)એ દારૂ પીવાની વાત સ્વીકારી હતી. ૨૦૧૫માં ૬,૦૧૮ પુરુષો અને ૨૨,૯૩૨ મહિલાઓનું સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું.

બંને આંકડાઓની સરખામણી કરીએ તો માલૂમ પડે છે કે ૨૦૧૫માં માત્ર ૦.૧ ટકા શહેરી મહિલાઓએ દારૂ પીવાની વાત સ્વીકારી હતી. જ્યારે ૨૦૨૦ના સર્વેક્ષણમાં ૦.૩ ટકા મહિલાઓ દારૂનું સેવન કરતી હોવાનું પ્રકાશમાં આવ્યું છે. ૨૦૧૫માં દારૂ પીતા પુરુષોના મામલા ૧૦.૬ ટકા હતા, જ્યારે ૨૦૨૦માં આ ઘટીને ૪.૬ ટકા થઈ ગયા. જ્યારે ગ્રામીણ ક્ષેત્રોમાં દારૂનું સેવન કરતી મહિલાઓના ટકા ૨૦૧૫માં ૦.૪ ટકાથી વધીને ૨૦૨૦માં ૦.૮ ટકા થઈ ગયા. દારૂ પીતા પુરુષોની સંખ્યા ૨૦૧૫માં ૧૧.૪ ટકાથી ઘટીને ૨૦૨૦માં ૬.૮ ટકા થઈ ગઈ છે.

## વડોદરામાં જલ-સે-નલ યોજના અંતર્ગત ગેરકાયદે કનેક્શનની સામે માત્ર ૮૩૪ અરજીઓ આવી

વડોદરા,

રાજ્ય સરકારની નલ સે જલ યોજના અંતર્ગત ગેરકાયદે પાણીના કનેક્શન કાયદેસર કરવા માટે વડોદરા મ્યુનિસિપલ



કોર્પોરેશન દ્વારા ઝુંબેશ શરૂ કરવામાં આવી હતી, પરંતુ, તેને નબળો પ્રતિસાદ મળી રહ્યો છે, જેમાં માત્ર ૮૩૪ લોકોએ ગેરકાયદે કનેક્શન કાયદેસર કરવા અરજી કરી છે, જ્યારે નલ સે જલ યોજના અંતર્ગત નવા પાણીના કનેક્શન માટે ૧૭૭૬ નાગરિકોએ માંગણી કરી છે.

વડોદરા શહેરમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા થયેલા સર્વે મુજબ ૨૬ હજાર જેટલા ગેરકાયદે પાણીના કનેક્શન હોવાનું થોડા વખત પહેલા બહાર આવ્યું હતું, પરંતુ, વડોદરા શહેરમાં અંદાજે એક લાખથી વધુ પાણીના ગેરકાયદે કનેક્શન થયેલા છે, ત્યારે ગુજરાત સરકારે ગેરકાયદે પાણીના કનેક્શન કાયદેસર કરી આપવા માટેની નલ સે જલ યોજના અમલમાં મૂકી હતી જેમાં રૂપિયા ૫૦૦ ભરીને કાયદેસર કરવાની જાહેરાત કરવામાં આવી હતી, પરંતુ, લોકો પોતાના કનેક્શન કાયદેસર કરાવવા માટે કોર્પોરેશનમાં અરજી કરવા જાય છે, ત્યારે કેટલાક પુરાવા માંગી રહ્યા છે અને સાથે-સાથે કોર્પોરેશને નક્કી કરેલી કાયદેસર કરવાની ફીની રકમ પણ ભરપાઈ કરવામાં આવે છે, જેથી નલ સે જલ યોજનાને મોળો પ્રતિસાદ મળી રહ્યો છે.

## ૫૦ વર્ષમાં પહેલીવાર વિદેશી અતિથિ વગર ઉજવાશે પ્રજાસત્તાક દિવસ સમારોહ

ન્યુ દિલ્હી,

કોરોના મહામારી વચ્ચે આવી રહેલા ૭૨માં પ્રજાસત્તાક દિવસના સમારોહમાં પહેલીવાર કોઈ વિદેશી મહેમાનને આમંત્રણ ન આપવાનો નિર્ણય લેવાયો છે. આ પહેલા કોરોના સંક્રમણના નવા સ્ટ્રેનની ઓળખ થતા અને તેના સંક્રમણનો ખતરો વધી જતાં બ્રિટનના પીએમ બોરિસ જોનસને ભારતીય પ્રજાસત્તાક દિવસ સમારોહમાં હાજર ન રહેવાનો મહત્વનો નિર્ણય લીધો હતો. વિતેલા ૫૦ વર્ષમાં પહેલો એવો પ્રજાસત્તાક દિવસ સમારોહ યોજાશે, જેમાં મુખ્ય મહેમાન તરીકે કોઈ વિદેશી મહેમાન નહીં હોય. વર્ષ ૧૯૬૬માં પ્રજાસત્તાક દિવસ સમારોહની પરેડમાં કોઈ વિદેશી અતિથિ સામેલ થયા ન હતા, એ સમયે ૧૧ જાન્યુઆરીએ લાલ બહાદુર શાસ્ત્રીના અચાનક નિધન પછી ૨૪ જાન્યુઆરીએ ઈન્દિરા ગાંધીએ વડાપ્રધાન પદના શપથ ગ્રહણ કર્યા હતા. આ સિવાય ૧૯૫૨ અને ૧૯૫૩માં પણ ભારતીય પ્રજાસત્તાક દિવસ સમારોહમાં કોઈ વિદેશી અતિથિ સામેલ થયા ન હતા. આ મુદ્દે એક અધિકારીનું કહેવુ હતું કે યૂકે કોરોના વાયરસના નવા સ્ટ્રેનના વધતા કેસોને જોતાં પીએમ બોરિસ જોનસને સમારોહમાં હાજર રહેવાની અસમર્થતા વ્યક્ત કરી હતી.

## દેશના ૯ રાજ્યોમાં બર્ડ ફ્લૂની દહેશતઃ સરકારે એડવાઈઝરી જાહેર કરી

ન્યુ દિલ્હી,

કોરોના વાયરસ સંક્રમણની વચ્ચે બર્ડ ફ્લૂ મોટો ખતરો બની રહ્યા છે અને મહારાષ્ટ્ર બાદ દિલ્હીમાં પણ તેની પુષ્ટિ થઈ ચૂકી છે. મહારાષ્ટ્રના પરભણી જિલ્લાના મુપરમ્બા ગામમાં બર્ડ ફ્લૂથી ૯૦૦ મરઘીના મોત થયા છે. તો દિલ્હીમાં પણ ૮ પક્ષીમાં બર્ડફ્લૂની પુષ્ટિ થઈ છે.



આપને જણાવી દઈએ કે કેરળથી શરૂ થયેલ બર્ડ ફ્લૂ અત્યાર સુધી ૯ રાજ્યોને પોતાની ઝપટમાં લઈ ચૂકયું છે. બર્ડ ફ્લૂ કેરળ સિવાય ગુજરાત, હરિયાણા, મધ્યપ્રદેશ, હિમાચલ પ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર, દિલ્હી અને ઉત્તર પ્રદેશ પહોંચી ચૂકયો છે. આ રાજ્યોમાં કાગડાઓ સિવાય મોટી સંખ્યામાં બીજા પક્ષીઓના મોત થયા છે. ત્યારબાદ ખતરાને જોતા અન્ય રાજ્યોના પશુ અને પક્ષી વિભાગોને એલર્ટ પર રાખી દેવામાં આવ્યા છે.

મહારાષ્ટ્રના પરભણી જિલ્લામાં ૯૦૦ મરઘીઓનાં મોત પછી નમૂનાઓ ભોપાલ લેબમાં તપાસ માટે મોકલવામાં આવ્યા હતા, જ્યાં અહેવાલમાં બર્ડ ફ્લૂની પુષ્ટિ થઈ છે. ત્યારબાદ ૧ કિલોમીટરના અંતર્ગત આવતા તમામ પોલ્ટ્રી ફાર્મમાં હાજર તમામ મરઘાં અને અન્ય પક્ષીઓને ખત્મ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેની સાથે જ ૧૦ કિમીની અંદર આવતા તમામ પક્ષીઓની ખરીદી પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. પ્રશાસને આ ગામને સંક્રમિત ઝોન જાહેર કર્યો છે અને ગામના તમામ લોકોનું મેડિકલ ચેકઅપ કરવામાં આવી રહ્યું છે.

બર્ડ ફ્લૂના જોખમને ધ્યાનમાં રાખીને દિલ્હી સરકારે કડક પગલા લીધા છે અને ૧૦ દિવસ માટે પૂર્વ દિલ્હીની ગાઝીપુર મુર્ગા મંડીને બંધ કરી દીધી છે. આ સિવાય સરકારે જીવંત પક્ષીઓની આયાત પર પણ પ્રતિબંધ મૂક્યો છે.

કેન્દ્ર સરકારે બર્ડ ફ્લૂના જોખમ પર નજર રાખવા માટે કંટ્રોલ રૂમ બનાવ્યો છે અને કેન્દ્રીય પશુપાલન મંત્રાલય દ્વારા તમામ રાજ્યોને જરૂરી દિશા નિર્દેશ રજૂ કરી દીધો છે. તેની સાથે જ કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયની કેટલીક ટીમો ઘણા રાજ્યોના અસરગ્રસ્ત વિસ્તારોમાં મોકલવામાં આવી છે જેની દેખરેખ રાખવી જોઈએ.

## બિહારના રાજકારણમાં ખળભળાટઃ ભાજપ-RJD આમને-સામને

પટના,

બિહારમાં ભલે સરકાર બની ગઈ હોય પરંતુ અહીં બધું જ બરાબર ચાલી રહ્યું નથી. નીતીશકુમાર ભાજપ પર નિશાન સાંધી રહ્યા છે તો રાષ્ટ્રીય જનતા દળ જેડીયુને તોડવાનો દાવો કરી રહ્યા છે. આ સિલસિલામાં હવે બિહાર ભાજપના પ્રભારી ભુપેન્દ્ર યાદવએ નવો દાવો કર્યો છે. ભુપેન્દ્ર યાદવે તેજસ્વી યાદવને કહ્યું કે મકરસંક્રાંતિ બાદ તેઓ પોતાની પાર્ટીને બચાવી શકે તો બચાવી લે નહીં તો તેમની પાર્ટીમાં તિરાડ પડવાનું નક્કી છે.

ભુપેન્દ્ર યાદવે કહ્યું કે આરજેડીમાં લાલુના પરિવારવાદથી નેતાઓમાં ગુસ્સો છે. તેમણે દાવો કર્યો કે સંક્રાંતિ બાદ તેમની પાર્ટી તૂટવાથી બચાવી શકશે નહીં. ભુપેન્દ્ર યાદવ રવિવારના રોજ પટના જિલ્લા કાર્યસમિતિની બેઠકના અંતિમ સત્રને સંબોધિત કરી રહ્યા હતા.

ભુપેન્દ્ર યાદવના દાવાનો જવાબ આપવા માટે આરજેડીની તરફથી પાર્ટી પ્રવકતા મૃત્યુંજય તિવારી સામે આવ્યા અને ભુપેન્દ્ર યાદવની ચેતવણીનો જડબાતોડ જવાબ આપ્યો. અમારી ચેલેન્જ છે ભાજપને બિહારમાં જો સરકારને બચાવી શકે તો બચાવી લે. ભાજપ બહુ છટપટ કરશે તો કમુહુર્તામાં જ આરજેડી ખેલ પાડી દેશે અને ભાજપને રફેદફે કરી દેશે. આ આરજેડીની તરફથી ખુલ્લો પડકાર છે.

મૃત્યુંજય તિવારીએ ભુપેન્દ્ર યાદવને પ્રશ્ન પૂછયો કે શું આખરે બિહારમાં ૧૯ લાખ રોજગારીનું સર્જન, ધ્વસ્ત કાયદો વ્યવસ્થા અને વધતા ગુનાના મુદ્દા પર તેઓ પોતાની વાત કેમ કહેતા નથી?

મૃત્યુંજય તિવારીએ કહ્યું કે ભુપેન્દ્ર યાદવનું આરજેડીને બર્બાદ કરવાનું સપનું સપનું જ રહી જશે અને તેની પહેલાં જ ભાજપ બર્બાદ થઈ જશે.

## ૧૪ જાન્યુઆરીએ વિશ્વ સ્વાસ્થ્ય સંસ્થા ચીનમાં કોરોના તપાસ માટે જશે

જિનિવા,

કોરોના વાયરસની ઉત્પતિ માટે ચીન આખરે તૈયાર થઈ ગયું છે. ચીને વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનની ટીમને પોતાના ત્યાં આવવા અને તપાસ કરવા માટે મંજૂરી આપી દીધી છે. હવે ૧૪ જાન્યુઆરી એટલે કે ગુરુવારે WHOની ટીમ ચીનની મુલાકાત લેશે. અને કોરોના સાથે જોડાયેલ જરૂરી આંકડાઓ અને પુરાવાઓ એકત્ર કરશે. ઉલ્લેખનીય છે કે થોડા દિવસો પહેલાં જ વિઝાનો ઈશ્યુ ઉઠાવીને ચીને ટીમને આવવા માટે મનાઈ ફરમાવી દીધી હતી.

સોમવારે ચીને જણાવ્યું કે, WHOના એક્સપર્ટની એક ટીમ ગુરુવારે કોરોના વાયરસ મહામારીની ઉત્પતિની તપાસ માટે આવવાની છે. ચીનના રાષ્ટ્રીય સ્વાસ્થ્ય આયોગે સોમવારે એક ઘોષણામાં કહ્યું કે, WHOના એક્સપર્ટ ચીની સમકક્ષો સાથે બેઠક કરશે, પણ જો કે આ બેઠકની કોઈ જાણકારી આપવામાં આવી નથી.

જો કે હજુ સુધી એ સ્પષ્ટ નથી કે WHOની ટીમ વુહાનની મુલાકાત કરશે કે નહીં. ચીને તેને લઈને હજુ સુધી કોઈ ફોડ પાડ્યો નથી. વાયરસની વુહાનમાં ઉત્પતિને લઈને ઉઠેલાં અઢળક સવાલો ઉઠ્યા હતા. જો કે બેઈજિંગે આ મામલે એક્સપર્ટની ટીમને તપાસ માટે મંજૂરી આપવામાં વિલંબ લગાવી દીધો હતો. અને હજુ પણ ચીન દ્વારા WHO ટીમની વુહાન મુલાકાતને લઈ કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. WHOની એક્સપર્ટ ટીમની ચીન યાત્રા માટે લાંબા સમયથી વાટાઘાટો કરી રહ્યા છે. WHO પ્રમુખ ટેડ્રોસ એડહેનમ ઘેબ્રયેસિસએ ગત અઠવાડિયે વિલંબ પર નિરાશા વ્યક્ત કરતાં કહ્યું કે આંતરરાષ્ટ્રીય વૈજ્ઞાનિક ટીમના સભ્યો પોતાના દેશોખી પ્રસ્થાન કરી રહ્યા છે અને WHO તેમજ ચીની સરકાર વચ્ચે એક વ્યવસ્થાના ભાગરૂપે પોતાની યાત્રા શરૂ કરી ચૂક્યા છે.

## ભારતમાં બનેલ કોરોના વેક્સિનની બોલબાલાઃ દુનિયાના ૯ દેશોએ માંગી

ન્યુ દિલ્હી,

દેશમાં કોરોના વાયરસની બે વેક્સિનને ઈમરજન્સી ઉપયોગ માટે પરવાનગી મળવાની સાથે જ દુનિયાની નજરો હવે ભારત પર છે. દુનિયાના મોટાભાગના દેશ ભારતની કોરોના વેક્સિન લેવા માગે છે. બ્રાઝિલના રાષ્ટ્રપતિ જાયર બોલસોનારોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખી ભારત બાયોટેકની વેક્સિનના ૨૦ લાખ ડોઝ તાત્કાલિક આપવા અનુરોધ કર્યો છે. જો કે, પહેલાં વેક્સિન પાડોશી દેશોને આપવામાં આવશે.



તે બાદ અન્ય દેશોને આપવામાં આવશે. કોરોના મહામારી વચ્ચે દુનિયામાં વેક્સિનની આતુરતાથી રાહ જોવા રહી છે. ભારતમાં બે વેક્સિનના ઉપયોગને પરમિશન મળ્યાં બાદ બ્રાઝિલ, મોરક્કો, સઉદી અરબ, મ્યાંમાર, બાંગ્લાદેશ, દક્ષિણ આફ્રિકા જેવા દેશોએ ભારત પાસેથી વેક્સિનની માગ કરી છે. સૂત્રોનું માનીએ તો, વેક્સિન વિતરણમાં ભારત સરકાર બાંગ્લાદેશ, ભૂતાન, નેપાલ, શ્રીલંકા અને અફઘાનિસ્તાન જેવા પાડોશી દેશોને મહત્વ આપશે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા અનુરાગ શ્રીવાસ્તવે કહ્યું કે, ભારત શરૂઆતથી જ દુનિયા સાથે કોરોનાની જંગ લડી રહ્યું છે. અમે આ દિશામાં સહયોગ આપવાને પોતાના કર્તવ્ય તરીકે લઈએ છે. અમારો પ્રયાસ છે કે, આ જંગમાં અમે દુનિયાની વધુમાં વધુ મદદ કરી શકીએ.

ભારતમાં બનેલી કોરોના વેક્સિનના ચીને વખાણ કરતાં કહ્યું કે, તેના દક્ષિણ એશિયાઈ પાડોશી દેશમાં બનેલી વેક્સિનની ગુણવત્તા કોઈનાથી ઓછી નથી. ચીન કમ્યુનિસ્ટ પાર્ટીના ગ્લોબલ ટાઈમ્સમાં પ્રકાશિત એક લેખમાં ચીની વિશેષજ્ઞોએ એક સ્વરમાં કહ્યું કે, ભારતમાં નિર્મિત વેક્સિન ચીની વેક્સિનની સરખામણીએ કોઈપણ રીતે ઓછી નથી.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

પટેલ રમેશભાઈ નવલાભાઈ

મુ. મોટીખજુરી, તા. દે.બારીઆ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

રાઠવા ફુલાભાઈ તેરાભાઈ

મુ. કાકલપુર, તા. દે.બારીઆ

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લામાં ધોરણ ૧૦-૧૨ તથા કોલેજમાં શિક્ષણ કાર્યનો પુનઃઆરંભ

લુણાવાડા,
સમગ્ર રાજ્યમાં કોરોનાની તીવ્રતા દિવસે ને દિવસે ઘટતી જાય છે. ત્યારે આગામી દિવસોમાં બોર્ડની પરીક્ષાઓ પણ લેવાવાની છે ત્યારે વિદ્યાર્થીઓના લાંબા ગાળાના શૈક્ષણિક હિતમાં રાજ્ય સરકારે ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓ ઉપરાંત કોલેજ કક્ષાએ અંડર ગ્રેજ્યુએટના છેલ્લા વર્ષના તથા પોસ્ટ ગ્રેજ્યુએટ ના વિદ્યાર્થીઓનું શિક્ષણકાર્ય શરૂ કરવાનો નિર્ણય કર્યો હતો.



આ નિર્ણયના ભાગરૂપે આજે સમગ્ર રાજ્યની સાથે મહીસાગર જિલ્લાની વિવિધ શાળાઓમાં આ ધોરણના વિદ્યાર્થીઓ માટે શાળાઓ તથા કોલેજમાં શૈક્ષણિક કાર્યનો શુભારંભ થયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે લુણાવાડા શહેર સહિત જિલ્લાની શાળાઓમાં આશરે ૨૫૭૬૮ હજાર જેટલા વિદ્યાર્થીઓ ધોરણ ૧૦ અને ૧૨ માં અભ્યાસ કરે છે, તે પૈકી આશરે ૬૮૭૭ જેટલા વિદ્યાર્થીઓના વાલીઓએ પ્રથમ તબક્કે જ સંમતિ આપી હતી.

શાળાઓમાં સલામતી સાથે શિક્ષણ કાર્ય થાય તે માટે શિક્ષણ વિભાગ દ્વારા એસ.ઓ.પી માં દર્શાવેલ દિશા નિર્દેશો મુજબ જ મહીસાગર જિલ્લાની તમામ શાળાઓમાં વ્યવસ્થા કરવામાં આવી છે. શાળાઓની આસપાસ આવેલ મેડિકલ સુવિધાઓ, પ્રાઈમરી - કોમ્યુનિટી હેલ્થ સેન્ટર વગેરેની તમામ વિગતો તેના કોન્ટેક્ટ પર્સન જેવી અન્ય જરૂરી માહિતી પણ શાળા કક્ષાએ તેમજ જિલ્લા કક્ષાની કચેરીઓમાં ઉપલબ્ધ કરાવવામાં આવી છે. કોરોના મહામારીમાં ૧૦ મહિના ઘરે બેસીને શિક્ષણ મેળવી બાળકો દ્વારા જે તપસ્યા કરવામાં આવી છે. તેને ઉત્કૃષ્ટ પરિણામમાં બદલવાનો સમય પાકી ગયો છે. શાળા સંચાલકો દ્વારા પણ સેનિટેશન, માસ્ક, સોશિયલ ડિસ્ટન્સીગ જેવા નિયમોનુ પાલન કરીને શાળામાં શૈક્ષણિક કાર્યનો આરંભ કરવામાં આવ્યો છે.

કોરોનાના લાંબા વેકેશન બાદ જ્યારે શિક્ષણકાર્ય શરૂ થઈ રહ્યું છે ત્યારે જેટલો પણ સમય મળે તેનો મહત્તમ ઉપયોગ કરીને શિક્ષણકાર્ય અને સાથોસાથ બાળકનું પણ હિત જળવાઈ રહે તે જોવા મહીસાગરના જિલ્લા શિક્ષણાધિકારીએ વાલીઓને અપીલ કરી છે.

# મતદારો પોતાનું નામ મતદાર યાદીમાં છે કે કેમ તે ઘરે બેઠાં જોઈ શકશે

લુણાવાડા,
મતદારો વિધાનસભાની જેમ જ સ્થાનિક સ્વરાજયની એકમોની મતદાર યાદીમાં પોતાનું નામ ક્યાં વોર્ડ/ મતદાર મંડળમાં છે તે જોઈ શકે તે હેતુથી મતદારો માટે સર્ચ એન્જિન તૈયાર કરીને રાજય ચૂંટણી આયોગની વેબસાઇટ http://sec. gujarat. gov.in ના હોમ સ્ક્રીન પર મૂકવામાં આવેલ છે. મતદાર પોતાનું નામ મતદાર યાદીમાં પોતાના નામ પરથી અથવા EPIC નંબરના આધારે (૧) http:// sec.gujarat.gov.in અને (૨) http://secsearch. gujarat. gov.in/search વેબસાઇટના માધ્યમથી જોઇ શકશે તેમ ગાંધીનગર, રાજય ચૂંટણી આયોગના સચિવ મહેશ જોશીએ એક યાદી દ્વારા જણાવ્યું છે.

# મહિસાગર જીલ્લામાં આજે ૦૫ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા,
કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજ્ય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માદયમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે. મહીસાગર જિલ્લામાં આજે કડાણા તાલુકાના ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાના ૦૨ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૧૧-૦૧-૨૦૨૧ના સાંજના ૫-૩૦ વાગ્યા સુધીમાં ૧૯૭૭ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાના ૦૧ પુરૂષ, કડાણા તાલુકાની ૦૧ સ્ત્રીએ કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૯૦૪ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૬ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૪ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/ કોરોનાના કુલ ૧૧૩૪૭૯ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૨૧૮ વ્યક્તિઓને હોમ ક્વોરેન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૭ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૧૯ દર્દી હોમ આઈસોલેશન, CCC લુણાવાડા, ૦૦ દર્દી એસ.ડી.એચ. સંતરામપુર અને ૦૩ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૨૬ દર્દીઓ સ્ટેબલ અને ૦૩ દર્દીઓ ઓક્સિજન પર છે.

## સરકારી હોસ્પિટલમાં દાખલ થયા બાદ પ્રાઈવેટ હોસ્પિટલમાં સારવાર મળે તેના કરતા પણ વધુ સારી સારવાર મને અહીં મળી છે

લુણાવાડા,
કોરોનાના પ્રથમ દર્દીથી જ માઈક્રો પ્લાનીંગ સાથે રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ મહીસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા ખાતેની કોટેજ જનરલ હોસ્પિટલ ખાતે કોવિડ-૧૯ હોસ્પિટલ તૈયાર કરવામાં આવી છે. જેમાં શ્રેષ્ઠ સારવારનો કોરોના દર્દીઓએ દર્શાવેલો ભરોસો સમર્પિત ભાવે સેવારત આરોગ્ય કર્મીઓને કાબિલેદાદ સેવાની સાક્ષી પૂરી રહ્યો છે.



આવી જ કંઈક વાત છે. લુણાવાડાની કોટેજ જનરલ હોસ્પિટલ ખાતે કોવિડ-૧૯ની સારવાર લઈ રહેલા એવા વ્યવસાયે શિક્ષક વાઘેલા મહેન્દ્રસિંહ દીપસિંહની.

કોટેજ જનરલ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા વાઘેલા મહેનદ્રસિંહ કહી રહ્યા છે કે, મને તા.૭/૧/૨૦૨૧ રોજ કોરોનાનો ટેસ્ટ કરાવતા પોઝીટીવ આવ્યો હતો. મારો ટેસ્ટ પોઝીટીવ આવતાં હું અને મારો સાળો લુણાવાડા સરકારી દવાખાનામાં આવવાનું થયું અને ડો. જીગરભાઈએ મને દાખલ થવાની સલાહ આપી. આ સમયે હું સ્તબ્ધ થઈ ગયો અને સરકારી હોસ્પિટલમાં દાખલ થવા મેં એક સમય માટે ના પાડી અને મારી આખુમાંથી આંસુ નીકળવા લાગ્યા. મને એક સમયે સરકારી હોસ્પિટલમાં દાખલ થવું એ લોકોની વાતોથી મારૂં મન માનતું ન હતું. પરંતુ મન મક્કમ રાખીને મેં નિર્ણય કર્યો કે હવે દાખલ થવું પડશે. અને પછી દાખલ થયો. દાખલ થયા બાદ મારી સારવાર ચાલુ કરવામાં આવી. શરૂઆતમાં મને થોડું નવું નવું લાગવા માંડ્યું. પરંતુ ખરેખર લુણાવાડા જનરલ હોસ્પિટલમાં કામ કરતા ડોક્ટર અને સ્ટાફ નર્સીંગ ખૂબ જ જે પ્રાઈવેટ હોસ્પિટલમાં સારવાર આપી શકે તેના કરતાં પણ વધુ સારવાર આ હોસ્પિટલમાં આપવામાં આવી છે જે ખરેખર ખૂબ જ પ્રશંસાપાત્ર અને સરકારના ઉચ્ચ હેતુસરની આપવામાં આવે છે એવી સારવાર આપવામાં આવી. તેઓ કહે છે કે, જનરલ હોસ્પિટલ, લુણાવાડામાં કોવિડ-૧૯માં જે સ્ટાફ અને ડોક્ટરઓ દ્વારા સારવાર આપવામાં આવી રહી છે તે ખૂબ સરાહનીય અને પ્રશંસાપાત્ર છે. ખરેખર ભગવાન તો મેં જોયા નથી, પરંતુ જે સ્ટાફ દ્વારા કોરોના વોરિયર્સમાં હું છેલ્લા પાંચ દિવસથી તમારામાં ભગવાનનું સ્વરૂપ જોવા મળેલ છે. આવી જ લોકોની સેવા કરી ભગવાનના ઘરમાં પૂણ્ય જમા થશે એવી લાગણી સાથે તમામ સ્ટાફનો ખૂબખૂબ આભાર અને હું આખી જિંદગી ઋણી રહીશ તેવો તેમણે લેખિત પત્ર પાઠવ્યો છે.

# મહીસાગર જિલ્લામાં કરૂણા અભિયાન અંતર્ગત બેઠક યોજાઇ

લુણાવાડા,
દર વર્ષની જેમ પંતગોત્સવ દરમ્યાન દોરીથી ઘાયલ પક્ષીઓને બચાવવા રાજય સરકાર દ્વારા પ્રરિત કરૂણા અભિયાનની શરૂઆત જિલ્લામાં થઇ ગઇ છે. આ અભિયાન તા.૨૦મી જાન્યુઆરી-૨૦૨૧ સુધી ચાલનાર હોય આ અંતર્ગત મહીસાગર જીલ્લા કલેકટર આર.બી . બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના માર્ગદર્શનમાં વન વિભાગ, અને પશુપાલન શાખા અને જિલ્લા વહીવટી તંત્રના વિવિધ સંલગ્ન વિભાગોના અધિકારીઓ કરૂણા અભિયાનમા કાર્યરત છે. આ કાર્યક્રમને સફળતા મળે અને પતંગ દોરાથી પક્ષીઓ ઘાયલ ન થાય અને આ માટે લોકજાગૃતિ કેળવાય જેમાં જીલ્લાના શાળાઓના વિદ્યાર્થીઓને કરૂણા અભિયાન અંતર્ગત પ્રતિજ્ઞા લેવડાવવાઇ રહી છે.

કોઈ ઘાયલ પક્ષી નજરે પડે મહીસાગર જિલ્લા માટે ફરેસ્ટ ટોલ ફ્રી નંબર ૧૮૦૦૨૩૩૦૦૫૪ પર સંપર્ક કરવો, જિલ્લા કક્ષાનો ટ્રોલ ફ્રી નંબર ૧૯૬૨, તાલુકા કક્ષાએ લુણાવાડા તાલુકામાં લુણાવાડા રેંજ ટે.નં ૦૨૬૭૪-૨૫૦૩૮૮, પશુદવાખાના નં ૦૨૬૭૪-૨૫૦૧૪૨, સંતરામપુર તાલુકામાં રેંજ ટે.નં ૦૨૬૭૫-૨૨૦૦૭૬, પશુદવાખાના નંબર ૦૨૭૬૭૫-૨૨૦૦૭૦, બાલાસિનોર તાલુકા રેંજ નં ૦૨૬૯૦-૨૬૭૭૧૪, પશુદવાખાના મો નં. ૦૨૬૯૦-૨૬૬૨૮૩, કડાણા તાલુકામાં કડાણા રેંજ ૦૨૬૭૫-૨૪૦૦૨૫, પશુદવાખાના મુનપુર નંબર ૦૨૬૭૫-૨૪૦૧૪૦, ખાનપુર તાલુકા રેંજ નં ૦૨૬૭૪-૨૮૭૪૨૧, પશુદવાખાના વડાગામ નંબર ૯૯૨૫૧૦૭૬૬૦, વિરપુર તાલુકામાં રેંજ નંબર ૯૯૨૫૬૩૪૧૧૪, પુદવાખાના નં-૦૨૬૯૦-૨૭૭૫૦૪ નંબર પર સંપર્ક કરવા જણાવ્યું છે. આ અભિયાનને સફળ બનાવવા માટે નાયબ પશુપાલન નિયામક, જિલ્લા પંચાયત મહીસાગર દ્વારા જણાવાયું છે.

# ઉત્તરાયણના પર્વમાં કોરોના ગાઈડ લાઈન સાથે પર્વ મનાવવા શહેરામાં શહેરીજનોની બેઠક યોજાઈ

શહેરા,
ઉત્તરાયણ પર્વની ઉજવણી નિમિત્તે શહેરા નગરના હોળી ચકલા, સિંધી સમાજ, ઘાંચી સમાજ તેમજ કસ્બા સહિતના અનેક વિસ્તારોમાં બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું,સ્થાનિક પોલીસ મથકના પી.આઈ.એ નગરજનો ને ઉતરાયણના દિવસે પતંગ ઉડાવવા કે પછી અન્ય કોઈપણ ઉજવણી માટે ધાબા પર શક્ય હોય એટલા ઓછા વ્યક્તિઓએ ભેગા થવું તેમજ પોતાના પરિવારના સભ્યો સાથે સરકારની ગાઈડ લાઈન મુજબ ઉતરાયણ પર્વની ઉજવણી કરવા અપીલ કરી હતી. શહેરા પોલીસ મથકના પી.આઈ. એમ.આર.નકુમની


તસ્વીર : તુષાર દરજી, શહેરા

અદયક્ષતામાં ઉત્તરાયણ પર્વની ઉજવણીના ભાગરૂપે નગરના હોળી ચકલા, સિંધી સમાજ, ઘાંચી સમાજ તેમજ કસ્બા વિસ્તાર જેવા નગરના વિવિધ વિસ્તારોમાં બેઠકોનું આયોજન કરવામાં આવ્યું હતુ, જેમાં શહેરા પોલીસ મથકના પી.આઈ. એ જણાવ્યું હતું કે કોરોના જેવી મહામારીથી બચવા સાવચેતી એક માત્ર વિકલ્પ છે અને WHO એ પણ આ વૈશ્વિક મહામારીથી રક્ષણ મેળવવા સામાજિક અંતર રાખવા અને માસ્ક પહેરવાના નિર્દેશો આપ્યા છે. જેથી આવનાર ઉત્તરાયણના પર્વ નિમિત્તે દરેક નાગરિકોએ પોતાની અને પોતાના ઘર પરિવારની રક્ષા જાતે જ કરવાની છે અને ઉતરાયણના દિવસે પતંગ ઉડાવવા કે પછી અન્ય કોઈપણ ઉજવણી માટે ધાબા પર શક્ય હોય એટલા ઓછા વ્યક્તિઓએ ભેગા થવું તેમજ પોતાના પરિવારના સભ્યો સાથે સરકારની ગાઈડ લાઈન મુજબ ઉતરાયણ પર્વની ઉજવણી કરવી. ઉતરાયણના પર્વ નિમિત્તે કોઈપણ અઘટિત બનાવ ન બને એવા હેતુને ધ્યાને રાખી શહેરા પોલીસ પ્રસાશને ધાબા પર વધારે પ્રમાણમાં લોકો ભેગા ન થાય તે માટે સમાજના આગેવાનો અને વડીલોને અનુરોધ કર્યો હતો, આ બેઠકોમાં ઉપસ્થિત લોકોએ પણ પોલીસ પ્રસાશનની વાતને માન્ય રાખી ઉતરાયણના દિવસે સરકારની ગાઈડ લાઈનનું પાલન કરવા તેમજ કરાવવાની બાંહેધારી આપી હતી.

## કાલોલના ઝરડકા વડવાળું ફળીયામાંથી પ્રતિબંધીત ચાઈનીઝ દોરીના પાંચ ફિરકા ઝડપી પાડવામાં આવ્યા

કાલોલ,
કાલોલ તાલુકાના ઝરડકા વડવાળું ફળીયામાં દુકાનમાં પ્રતિબંધીત ચાઈનીઝ દોરીના ફિરકા નંગ-૫ વેચાણ માટે રાખેલ હોય જે પોલીસની રેડ દરમ્યાન પકડાઈ જતાં આ બાબતે કાલોલ પોલીસ મથકે જાહેરનામા ભંગની ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા ચાઈનીઝ દરી ઉપર પ્રતિબંધ મૂકેલ છે. ચાઈનીઝ દોરી ખરીદવી અને વેચાણ કરવો ગુનો બને છે. ચાઈનીઝ દોરીની વેચાણ અને ઉપયોગ કરવા ઉપર પંચમહાલ જીલ્લા પ્રતિબંધીત ફરમાવતું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. તેમ છતાં કાલોલ તાલુકાન ઝરડકા વડવાળું ફળીયામાં રહેતા દિલિપભાઈ પ્રતાપભાઈ ચૌહાણ એ પોતાની દુકાનમાં ચાઈનીઝ દોરીના ફિરકા નંગ-૫ કિંમત ૧૦૦૦/ -રૂપીયા વેચાણ માટે રાખેલ હતા. જે પોલીસના ચેકીંગ દરમ્યાન ઝડપાઈ જતાં આ બાબતે કાલોલ પોલીસ મથકે જાહેરનામા ભંગની ફરિયાદ નોંધાઈ.

## સ્પર્શ ગ્રુપના યુવાનો દ્વારા પછાત વિસ્તારના બાળકોને પતંગ વિતરણ કરવામાં આવ્યું

ગોધરા,
પતંગ પર્વ ઉતરાયણ પર્વને આડે હવે માત્ર ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે લોકો દ્વારા તમામ તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. બીજી તરફ ચાલુ વર્ષે ઉતરાયણ પર્વને કોરોના ગ્રહણ લાગ્યું છે. ત્યારે લોકોનો ઉત્સાહ ફિક્કો જણાઈ રહ્યો છે. ત્યારે ગોધરા શહેરના સ્પર્શ ગ્રુપના યુવાનો દ્વારા પછાત વિસ્તારના જરૂરિયાતમંદ બાળકોને પતંગ અને ફિરકીનું વિતરણ કરવામાં આવ્યું હતું. સ્પર્શ ગ્રુપ દ્વારા તમામ તહેવારોમાં આ પ્રકારના સેવાકીય પ્રવૃતિઓ કરવામાં આવતી હોય છે.

## મોરવા(હ) નાટાપુર ગામે કત્તલના ઈરાદે ગોંધી રાખેલ ૧૦ ગૌવંશને બચાવી લેવામાં આવ્યા



મોરવા(હ),
મોરવા(હ) તાલુકાની નાટાપુર ગામે રહેણાંક મકાનની પાછળ ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો એ ગૌવંશને કત્તલના ઈરાદે ગોંધી રાખ્યા છે. તેવી બાતમીના આધારે પોલસે રેડ કરી ૧૦ ગૌવંશને બચાવી લેવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે મોરવા(હ) તાલુકાના નાટાપુર ગામે નરૂટ ઈસ્માઈલ મસ્જીદની પાછળ આવેલ રહેણાંક મકાનની પાછળ કત્તલના ઈરાદે ગૌવંશ ગોંધી રાખવામાં આવ્યા છે. તેવી બાતમી મોરવા(હ) પોલીસને મળી હતી. પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન ઘરની પાછળ ક્રુરતા પૂર્વક બાંધેલી ૧૦ ગૌવંશને બચાવી લેવામાં આવ્યા હતા. પોલીસ દ્વારા ગૌવંશને પરવડી પાંજરાપોળ ખાતે મોકલી આપવામાં આવ્યા હતા. પોલીસને રેડ સમયે નાશી છુટનાર સલીમ સતાર ભોદુ, અજીત અચુંતસિવા ઈબ્રાહિમ ઈસુલઅલી, સાદીક ફારૂક સહિત વિરૂદ્ધ મોરવા(હ) પોલીસ મથકે પશુ અધિનિયમ અંતર્ગત ફરિયાદ નોંધાવામાં આવી.

## વેસુની વ્હાઈટ લોટસ સ્કૂલે ફી ભરવા દબાણ કરતા વાલીઓએ કલેક્ટરને રજૂઆત કરી



સુરત,
સુરતમાં વધુ એક સ્કૂલની દાદાગીરી સામે વાલીઓમાં રોષ જોવા મળી રહ્યો છે. વેસુ વિસ્તારમાં આવેલી વ્હાઈટ લોટસ સ્કૂલ દ્વારા વિદ્યાર્થીઓનું ઓનલાઈન શિક્ષણ બંધ કરી દેવામાં આવ્યું છે. આ સાથે સ્કૂલ દ્વારા પુરી ફી ભરવા દબાણ કરાઈ રહ્યું હોવાનું હવે વાલીઓ કહી રહ્યા છે. જેને લઈને વાલીઓ કલેક્ટર કચેરી પહોંચ્યા હતા. જ્યાં ડીઈઓ અને સુરત જિલ્લા કલેક્ટરને રજૂઆત કરી હતી.

વાલીઓએ જણાવ્યું હતું કે, ફી નિયમ કરતા વધુ ભરવા કહેવાય રહ્યું છે. ફીને લઈ શાળામાં બાળકો સાથે ભેદભાવ કરાઈ રહ્યો છે. ફીને લઈ ઓનલાઈન અભ્યાસ પણ બંધ કરી દેવાયો છે. જો તમે ફી ભરશો તો જ તમારા બાળકનું સેમેસ્ટર ચાલુ કરીશું અને તેને પરીક્ષામાં બેસવા દઈશું એમ કહેવાય રહ્યું છે. વાલીઓ સરકારના નિયમ પ્રમાણે ફી ભરવા તૈયાર છે. જોકે, સ્કૂલ દ્વારા અન્ય ફી ભરવા દબાણ કરવામાં આવી રહ્યું છે. હજુ બંધ કરેલા ઓનલાઈન ક્લાસ પણ શરૂ કર્યા નથી. આ મામલે પહેલા પણ સ્કૂલ ખાતે વિરોધ કરી ચૂક્યા છીએ.

વ્હાઈટ લોટસ સ્કુલના વાલીઓએ જણાવ્યું હતું કે, શાળા દ્વારા વિદ્યાર્થીઓનું ઓનલાઈન શિક્ષણ બંધ કરી દેવામાં આવ્યું છે. ઉપરાંત શાળા દ્વારા પૂરી ફી ભરવા દબાણ કરવામાં આવી રહ્યું છે. શાળાઓની દાદાગીરી સામે તેઓ અનેક રજૂઆતો કરી છે. ડીઈઓ કચેરી, એફઆરસી કચેરીના વારંવાર ધક્કા ખાઈ રહ્યા છીએ તેમ છતાં તેઓની સમસ્યાનું કોઈ નિરાકરણ આવ્યું નથી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨, વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૧૨-૦૧-૨૦૨૧, મંગળવાર, માગશર વદ-૧૪, સૂર્યોદય-૭-૩૦, સૂર્યાસ્ત-૬-૧૯, જૈન નવકારશી-૮-૧૮, આજની રાશિ: ધન (ભ.ફ.ધ.ઢ.), નક્ષત્રઃ મૂળ

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>૧૨-૩૪ થી અભિજીત ૧૩-૧૭ સુધી, ૧૦-૧૩થી ચલ-લાભ-અમૃત-૧૪-૧૭ સુધી, ૧૫-૩૮થી શુભ-૧૬-૫૯ સુધી, ૧૯-૫૯થી લાભ-૨૧-૩૮ સુધી, ૨૩-૧૭થી શુભ-૨૪-૫૫ સુધી<br><br>- શુભ હોરા-<br>૯-૧૮ થી ૧૨-૦૧ સુધી, ૧૨-૫૫ થી ૧૩-૫૦ સુધી, ૧૫-૩૮થી ૧૮-૨૧ સુધી, ૧૯-૨૭થી ૨૦-૩૨ સુધી |

## દૈનિક રાશીફળ

તા.૧૨.૦૧.૨૦૨૧ મંગળવાર

મેષ(અ.લ.ઈ.) :- યાત્રા પ્રવાસનું આયોજન થાય. માનસિક ચિંતા હળવી થાય. નોકરી-ધંધામાં રાહત. શુભ સમય

વૃષભ(બ.વ.ઉ.) :- ઈષ્ટદેવની ઉપાસનથી મુશ્કેલીમાં રાહત. દિવસ આનંદમય પસાર થાય. આરોગ્ય સુખાકારી.

મિથુન(ક.છ.ઘ.) :- નોકરીમાં બઢતી-ચઢતી શક્યતા. આવકનું પ્રમાણ જળવાઈ રહે. નાણાની ભીડ દૂર થાય.

કર્ક(ડ.હ.) :- ઉત્તમ દિવસ, સામાજીક બાબતો સાનુકુળ, ર્આથિક બાબતો યથાવત,મહિલાવર્ગને સંભાળવું.

સિંહ(મ.ટ.) :- આવકનું પ્રમામ જળવાઈ રહે. માનસિક ચિંતા હળવી થાય. રાજકીય લાભ થાય. યાત્રા-પ્રવાસ સફળ બને.

કન્યા(પ.ઠ.ણ.) :-આકસ્મિક લાભ થાય. પદ-પ્રતિષ્ઠામાં વધારો થઆય. નોકરી-ધંધામાં પ્રગતિ થાય. પત્ની તરફથી શુભ સમાચાર મળે.

તુલા(ર.ત.) :- જમીન - મકાનથી લાભ. આર્થિક સામાન્ય ખર્ચાળ, મહિલાવર્ગને અકંદરે લાભકારી દિવસ.

વૃશ્ચિક(ન.ય.) :- ઉત્તમ દિવસ, ર્આથિક પાસુ લાભપ્રદ રહે, સામાજીક બાબતોમાં સંભાળવું, મહિલાવર્ગને લાભકારી દિવસ.

ધન(ભ.ધ.ફ.ઢ.) :- મધ્યમ દિવસ, ર્આથિક પાસુ ખર્ચાળ રહેવા છતા સામાજિક બાબતો સુવિધાપ્રદ, મહિલાવર્ગને શાંત દિવસ.

મકર(ખ.જ.) :- ઉત્તમ દિવસ, કોઈ અનપેક્ષિત લાભ આવી મળે, સામાજીક બાબતો સુવિધાપ્રદ, મહિલાવર્ગને શાંત દિવસ.

કુંભ(ગ.શ.સ.) :- જમીન - મકાનથી લાભ. દિવસ આનંદમય પસાર થાય. આરોગ્યની કાળજી રાખવી. એકંદરે સમય સારો.

મીન(દ.ચ.ઝ.) :- વેપાર અર્થે પ્રવાસ લાભદાયી રહે. કુટુંબસુખ ઉત્તમ રહે. આધ્યાત્મિક ક્ષેત્રે રુચિ વધે.

# ભારતની બંને રસી અન્ય દેશો કરતાં સસ્તીઃ મોદી

ન્યુ દિલ્હી,
કોરોના મહામારી વિરુદ્ધ જંગમાં ભારત નિર્ણાયક મુકામે પહોંચતા દેશભરમાં રસીકરણ અભિયાન શરુ કરવાની તૈયારીઓ પૂરી કરી ચૂક્યુ છે. ૧૬ જાન્યુઆરીથી દેશભરમાં કોરોના રસીકરણ અભિયાનનો પહેલો તબક્કો શરુ કરાશે. આ પહેલા સોમવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે રસીકરણની તૈયારીઓને મુદ્દે વર્ચ્યુઅલ બેઠક કરી હતી.




રસીકરણ અભિયાનના પહેલા તબક્કાને લઈને યોજાયેલી આ ઉચ્ચસ્તરીય બેઠક બાદ પીએમ મોદીએ દેશવાસીઓને સંબોધન કરતા જણાવ્યું કે, દેશ કોરોના મહામારી સામેની જંગમાં નિર્ણાયક તબક્કામાં પહોંચી ગયું છે અને ભારત દેશ વિશ્વના સૌથી મોટા રસીકરણ કાર્યક્રમની શરુઆત કરવા જઈ રહ્યો છે.

રાજ્ય સરકારો અને કેન્દ્રની રસીકરણ અભિયાનને શરુ કરવાની તૈયારીઓને લઈને પીએમ મોદીએ જણાવ્યું કે, દેશના તમામ જીલ્લાઓમાં ડ્રાય રન પૂરો કરવામાં આવ્યો છે, એક મોટી સિદ્ધિ છે. રસીકરણના પહેલા તબક્કા વિશે માહિતગાર કરતા પીએમ મોદીનું કહેવુ હતું કે, આ તબક્કામાં ફ્રન્ટલાઈન વર્કર્સ, સ્વાસ્થ કર્મચારીઓ, સફાઈ કર્મચારીઓ, સિવિલ સર્વન્ટ્સ, એમ તમામ લોકોને રસી લગાવવામાં આવશે. દેશભરમાં આવા કુલ ૩ કરોડ કર્મચારીઓને પહેલા તબક્કામાં આવરી લેવામાં આવશે જેનો ખર્ચ કેન્દ્ર સરકાર ઉઠાવશે. આ સિવાય ૨૭ કરોડ લોકોને પણ રસીકરણના પહેલા તબક્કામાં રસી લગાવવામાં આવશે. જોકે દેશમાં બે કોરોના વેક્સીનના ઈમરજન્સી ઉપયોગ માટે મંજૂરી બાદ વિપક્ષ દ્વારા ઉભા કરવામાં આવેલા સવાલોને લઈને પીએમ મોદીએ કહ્યું હતુ કે, ભારતે જે બે કોરોના વેક્સીનને મંજૂરી આપી છે તે બંને વેક્સીન ભારતમાં ઉત્પાદન થયેલી છે. પીએમ મોદીએ કોરોના વેક્સીનને મુદ્દે અફવાઓથી બચવાની સલાહ આપતા કહ્યું હતુ કે રસીને લઈને આવી રહેલી અફવાઓ પર અંકુશ મેળવવાની જવાબદારી રાજ્ય સરકારોની છે. તેમણે આગળ જણાવ્યું હતં કે રસીની સાઈડ ઈફેક્ટ સામે આવે તો આ માટે તંત્ર ઉભુ કરાયેલું છે. બેઠકમાં મોદીએ કહ્યું કે, 'વેક્સિનેશન સૌથી મહત્વનું કામ તે લોકોને ઓળખવાનું છે જેમને વેક્સિન લેવી પડે તેમ છે. આ માટે કો-વિન નામનું એક ડિજિટલ પ્લેટફોર્મ બનાવવામાં આવ્યું છે. વેક્સિનેશનનો રીઅલ-ટાઈમ ડેટા કો-વિન પર અપલોડ કરવો પડશે. વેક્સિનેશન બાદ ડિજિટલ સર્ટિફિકેટ આપવું જરૂરી છે. આ તેમને બીજા ડોઝની યાદ અપાવે છે. બીજા ડોઝ પછી ફાઈનલ સર્ટિફિકેટ આપવામાં આવશે.

# દાહોદ જીલ્લામાં બંધ સ્કુલો શરૂ થતાં પ્રથમ દિવસે ૧૫ ટકા વિદ્યાર્થીઓ હાજર

દાહોદ,

વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં રાખી ગુજરાત રાજ્ય દ્વારા ૧૧મી જાન્યુઆરી એટલે કે, આજરોજથી ધોરણ ૧૦ અને ૧૨ના વર્ગો શરૂ કરવાના નિર્ણય સાથે જ દાહોદ જિલ્લાની શાળાઓમાં સંમતિ પત્રો ધરાવતાં વાલીઓએ પોતાના બાળકોને શાળામાં મોકલ્યા હતાં. શાળામાં આજે પ્રથમ દિવસથી જ સોશીયલ ડિસ્ટન્સ સહિત સેનેટરાઈઝર, સ્કિનીંગ સહિતની ચુસ્ત કામગીરી અમલ કરી દેવામાં આવી છે. આ સાથે જ એક ક્લાસમાં ઓછામાં ઓછા ૨૦ થી ૨૫ વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા કરવામાં આવી હોવાનું પણ જાણવા મળી રહ્યું છે. આજે પ્રથમ દિવસે જિલ્લામાં અંદાજે ૧૫ ટકા વિદ્યાર્થીઓ શાળામાં હાજર રહ્યાં હતાં.

૨૦૨૦ના એક વર્ષના વિતી ગયેલા સમયગાળા દરમ્યાન કોરોના વૈશ્વિક મહામારીને પગલે ઔદ્યોગિક, સામાજીક, વ્યાપારીક તેમજ અનેક માધ્યમો ઠપ્પ થયાં હતા. સરકાર દ્વારા લોકોના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખી લોકડાઉનનું શસ્ત્ર ઉજામ્યું હતું અને આ સમયગાળા દરમ્યાન અનેક ક્ષેત્રો નિશ્ચિત સમયગાળા માટે બંધ રહ્યાં હતા ત્યારે વાત કરીએ શિક્ષણની તો શિક્ષણ વિભાગ પણ આ કોરોના વૈશ્વિક મહામારીમાં વિદ્યાર્થીઓના પણ સ્વાસ્થ્યની ચિંતા કરી સરકાર દ્વારા શાળાઓ, કોલેજો બંધ કરી દેવામાં આવી હતી પરંતુ હવે જ્યારે એક તરફ કોરોના વેક્સિનની જાહેરાત બાદ પુનઃ શાળાઓ અને કોલેજો ખોલવા તરફ નિર્ણયો સરકાર દ્વારા કરવામાં આવી રહ્યા છે અને આ સંદર્ભે જ ગુજરાત રાજ્યના શિક્ષણ મંત્રી ગત તા.૬ જાન્યુઆરીના રોજ નિર્ણય કર્યો હતો કે, ૧૧મી જાન્યુઆરી ૨૦૨૧થી ધોરણ ૧૦ અને ૧૨ના વર્ગો શરૂ કરવામાં આવશે. આ નિર્ણય સાથે ગુજરાત રાજ્યનું શિક્ષણ વિભાગ આગોતરી તૈયારીઓમાં લાગી ગયું હતું. ત્યારે દાહોદ જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા પણ પુર્વ તૈયારીઓની કામગીરીમાં પ્રથમ વાલીઓ પાસેથી સંમતિ પત્ર મંગાવ્યા હતા અને ત્યાર બાજ જિલ્લાની શાળાઓના આચાર્ય સાથે ઓનલાઈન મીટીંગનું પણ આયોજન કર્યું હતું. આજે ૧૧મી જાન્યુઆરી ના રોજ ધોરણ ૧૦ અને ૧૨ના વર્ગો શરૂ થતાં દાહોદ શહેર સહિત જિલ્લાની શાળાઓમાં વિદ્યાર્થીઓનું આગમન થયું હતું. આજે પ્રથમ દિવસે વર્ગોમાં નહીવત સંખ્યા જોવા મળી હતી. શાળાના સત્તાધિશો દ્વારા શાળામાં, દરેક વર્ગખંડોમાં કોરોના ગાઈડલાઈનના પાલન સાથે વર્ગો શરૂ કર્યા હતાં. શાળામાં આજે વિદ્યાર્થીઓ પ્રવેશ લેતાંની સાથે પ્રથમ શાળાના ગેટ પરથી વિદ્યાર્થીઓનું સ્કિનીંગ કરવામાં આવ્યું હતુ ત્યારે બાદ વર્ગમાં પ્રવેશ કરતી વખતે થર્મલ સ્કિનીંગ હાથ ધરવામાં આવ્યું હતુ. દરેક વર્ગ ખંડમાં સેનેટરાઈઝર, માસ્ક ફરજીયાત ઉપયોગ કરવામાં આવી રહ્યું છે. તે સાથે શાળામાં મેડીકલ સુવિધા પણ ઉપલબ્ધ કરવામાં આવી છે. એક વર્ગખંડમાં અંદાજે ૨૦ થી ૨૫ વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા કરવામાં આવી છે અને તે પણ સોશિયલ ડિસ્ટન્સના પાલન સાથે કરવામાં આવી છે. દાહોદ જિલ્લામાં ધોરણ ૧૦ અને ૧૨ના અંદાજે કુલ ૧ લાખ ઉપરાંત વિદ્યાર્થીઓને સમાવેશ થાય છે. ૩૦ ટકા વિદ્યાર્થીઓના વાલીઓએ પોતાના બાળકોને શાળામાં મોકલવાની સંમતિ દર્શાવી હતી. ત્યારે આજે પ્રથમ દિવસે આ ૩૦ ટકામાંથી ૧૫ ટકા વિદ્યાર્થીઓ શાળામાં હાજર રહ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે. શાળાના સત્તાધિશોના જણાવ્યા અનુસાર આજે પ્રથમ દિવસે વિદ્યાર્થીઓની સંખ્યા નહીવંત રહી છે પરંતુ આવનારા દિવસોમાં વિદ્યાર્થીઓના વાલીઓ સાથે સંકલનમાં રહી વિદ્યાર્થીઓને શાળામાં મોકલવા વાલીઓને અપીલ પણ કરવામાં આવશે અને આશા પણ દર્શાવે છે કે, આવનાર દિવસોમાં શાળા રાબેતા મુજબ ધમધમતી થશે.

# દે.બારીઆ તાલુકાના બામરોલી થી કાંટુ ગામનો રોડ બિસ્માર હાલતમાં : રાહદારીઓ પરેશાન

દે.બારીઆ,

દે.બારીઆ તાલુકો મૉડેલ તાલુકો છે. તેમ છતાં છોટાઉદેપુર જતા બામરોલીના પાટીયા થી કાંટુ ગામ સુધીનો રોડ ખખડ જંતર છે. જેના કારણે પાવાગઢના દર્શને જતા શ્રદ્ધાળુઓને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીઆ તાલુકાનો બામરોલી થી કાંટુ જવાનો રોડમાં ખાડા છે કે પછી ખાડામાં રોડ છે. તે વાહન ચાલકો ક્યાં જવું તે સમજ પડતી નથી. આગલું ટાયર ખાડામાં પડતા બચાવવા જાય તો પાછલું ટાયર ખાડામાં પડે છે. બસોમાં બેસીને જતા પેસેન્જરોને અને વાહન ચાલકોને મણકાનો દુઃખાવો થાય તે મુજબનો રોડ બિસ્માર થવા પામ્યો છે. આ અંગે ગ્રામ્યના રોડ બનાવનાર કાર્યપાલન ઈજનેર બામરોલી થી કાંટુ રોડની મુલાકાત લેશે તો ખબર પડશે. આ માર્ગ છેલ્લા ત્રણ થી ચાર વર્ષનો સમય થવા આવ્યો છે. તેમ છતાં કોઈજ પ્રકારનું સમારકાર્ય પણ થયું નથી. ટેન્ડરની પ્રક્રિયામાં ઉલ્લેખ હોય છે કે ત્રણ વર્ષના સમય દરમીયા રોડનું સમારકાર્ય કોન્ટ્રાકટરને કરી આપવામાં બંધેલો હોય છે. તેમ છતાં આ રોડનું સમારકાર્ય થયું નથી. આર રોડ નવિન બનાવવામાં આવ તેવી માંગ ઉઠવા પામી છે.

# ગુજરાત રાજ્ય માર્ગ વ્યવહાર નિગમના ગોધરા વિભાગના ડેપોમાં ડીઝલનો જથ્થો ઉપલબ્ધના હોવાથી પેસેન્જરોને મુશ્કેલીઓ


તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીઆ,

ગુજરાત રાજ્ય માર્ગ વ્યવહાર નિગમના ગોધરા વિભાગના નેજામાં આવતાં દે.બારીઆ, દાહોદ, ઝાલોદ ડેપોમાં ડીઝલના પંપમાં ડીઝલનો જથ્થો ના હોવાથી એસ.ટી.નિગમની બસોને ઈંધણ ના મળતાં બસોના ડ્રાયવર–કંડકટરો સાથે સાથે એસ.ટી.વ્હાલા પેસેન્જરો હેરાન પરેશાન થયા છે. છેલ્લા ચાર થી પાંચ દિવસની ડીઝલની ઉણપ પેદા થઈ છે. આવી સ્થિતી ક્યારેએસ.ટી.નિગમમાંથઈનથી. આ માટે જવાબદાર કોણ ? વહિવટી તંત્ર આ માટે સંગ્યાન લેશે ખરા.

મળતી માહિતી અનુસાર બારીઆ ડેપોમાં ઈન્ડીયન કંપનીનો ડીઝલ પંપ આવેલું છે. જ્યાર થી બારીયા ડેપો કાર્યરત થયો ત્યારથી પહેલીવાર ડીઝલની અછતની સમસ્યા પેદા થઈ છે. બારીઆ ડેપોમાં ડીઝલ પંપમાં ડીઝલનો જથ્થો ના હોવાના કારણે બારીઆ થી રાજકોટ બસ બારીઆથી મોડી પડી હતી. ૧૦ કલાક્ના બદલે ૧૦.૩૦ ના સમયે ઉપડી હતી. તે પણ ડીઝલનો જથ્થો હાલોલ ડેપો માંથી લેવાની શરતે જો હાલોલ ડપોમાં ડીઝલ જીએલ.૧૮.૬૭૬૫ બસને ના મળતું તો પેસેન્જરોને બસ બદલવાનો વારો હતો. આ તો પુરા સો લીટર, ડીઝલ પૂરવામાં આવતા રાજકોટ, બસના પેસેન્જરોને હાશકારો થયો હતો. આ બસમાં વડોદરા થી રીઝર્વેશન પણ હતો. હાલમાં ડેપો ઉપર દાહોદ, ઝાલોદ ડેપોમાં પણ ડીઝલોનો જથ્થો નથી. જેથી ત્યાંના પણ કર્મીઓ મુશ્કેલીમાં મુકાયા છે. આ સમસ્યા અંગે ગોધરા વિભાગીય એસ.ટી.કચેરીના વહીવટી અધીકારીઓ ત્રણ ત્રણ ડેપોના ડીઝલ પંપો ઉપર બસોનું ઈંધણ ઉપલબ્ધ થાય તે માટે તજવીજ હાથ ધરાય અને સમયબંધ સવારીનો સૂત્ર સાકાર કરી બતાવે આ સમસ્યા અંગે બારીઆ ડેપો તથા ડેપો મેનેજરના ફોન કરેલ કોલ કરતાં બન્ને કોલ બંધ જણાયા હતા. જેથી ડીઝલની સમસ્યા અંગે વધુ માહિતી પ્રાપ્ત થઈ શકી ન હતી.

# દાહોદ APMC ખાતે જીલ્લા મીડીયાનો વર્કશોપ કાર્યક્મ યોજાયો

દાહોદ,

દાહોદ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ના હોલ ખાતે આજરોજ પ્રદેશ મીડીયાના નેતાઓની હાજરીમાં દાહોદ જીલ્લા ભાજપ મીડીયાનો વર્કશોપ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મધ્યગુજરાત મીડીયાના કન્વીનયર સંજીવભાઇ પંચોલી,મધ્યગુજરાત ના મીડીયા પ્રવકતા કેયુરભાઇ રોકડીયા,દાહોદ મીડીયાના કન્વીનયર મુન્નાભાઇ સહ કન્વીનયર રીતેષભાઇ પટેલ,નિલમભાઇ શેઠ, નીલભાઇ સોની સહિત આઠ તાલુકા ના મીડીયા કન્વીન્યરો સહ કન્વીયરો ઉપસ્થિત રહ્યા હતા કાર્યકમની શરૂઆત દીપ પ્રગટાવી વંદેમાતરમનું ગાન કરી કરાઇ હતી. તાલુકા જીલ્લા પંચાયતની ચુંટણી ને અનુલક્ષીને યોજાયેલ વર્કશોપમાં પ્રદેશના નેતાઓ દ્વારા માયર્ગદર્શન આપવામાં આવ્યુ હતું. મધ્યગુજરાત ના મીડીયા કન્વીનયર સંજીવ પંચોલીએ ગુજરાત અને દેશમાં મોદીના શાસન વાળી સરકાર હોવાથી શુસાન ની સાથે દેશનો સર્વાંગી વિકાસ થયો હોવાનુ જણાવી ભાજપનું વાતાવરણ ચાલી રહ્યું હોવાનુ કહી આ વખતે પણ લોકો સુધી પહોચી સરકાર ના કામો ગણાવી ભાજપનો ભગવો લહેરાવવા કાર્યકરોને હાકલ કરી હતી પ્રવકતા કેયુરભાઇ રોકડીયાએ કેન્દ્ર સરકાર થી લઇને ગુજરાત સરકાર ની બધી જ યોજનાઓ કાર્યકરો સમક્ષ ડેટા વાઇઝ મુકી તનતોડ મહેનત કરી તાલુકા પંચાયત જીલ્લા પંચાયત ની ચુટણીમાં મોદી ગુજરાતની રૂપાણી સરકાર ના કામો ગણાવી લોકો સમક્ષ જવા આહવાન કર્યુ હતું.

## બા બાળક બની ગઈ છે


જીજ્ઞા કપુરીયા (નિયતી)

માતૃત્વનું ઋણ
ચૂકવવાનો,
અવસર આજ હું પામી છું,
મને જન્મ દેનારી આજે,
પોતાની સૂધ બૂધ ખોતી
ગઈ છે...!
આજ મારીબા બાળક બની
ગઈ છે..!

અક્ષરજ્ઞાન આપનારીની સમક્ષ,
ગીતા પાઠ કરૂ છું,
વાત્સલ્ય રૂપી નજરોમાં,
અમી ભરતી ગઈ છે..!
આજ મારીબા બાળક બની ગઈ છે..!

પાપા પગલી શીખવનારીની સામે,
કંધો મારો ધરૂ છું,
મારૂ ઘડતર કરનારી આજે,
પોતે પડતર થઈ ગઈ છે..!
આજ મારીબા બાળક બની ગઈ છે..!

મોક્ષકેરા દ્વાર ખોલજે પ્રભુ,
બસ એજ અંતરથી ઈચ્છુ છું,
મને અમૃત પીવડાવનારી,
તુજ ઈશ થઈ ગઈ છે...!
આજ મારીબા બાળક બની ગઈ છે..!

# કોંગ્રેસમાં સર્જાયું ભંગાણ, કપરાડા તાલુકા કોંગ્રેસ પ્રમુખે આપ્યું રાજીનામું

કપરાડા,

કોંગ્રેસમાં છેલ્લા કેટલાય સમયથી અંદરો અંદર ચાલી રહેલો આંતરિક કલહ હવે બહાર આવી રહ્યો છે. જેને લીધે વર્ષોથી કોંગ્રેસ પાર્ટીમાં કામ કરી રહેલ કાર્યકરોને રાજીનામું આપવાનો વારો આવ્યો છે. જેને લઈને વલસાડ જીલ્લા કોંગ્રેસમાં ભંગાણ સર્જાયું છે. જેમાં કપરાડા તાલુકા કોંગ્રેસ પ્રમુખ દ્વારા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અને પૂર્વ સાંસદ પર આક્ષેપો કરીને રાજીનામું આપી દેતા વલસાડ જિલ્લા કોંગ્રેસમાં ખળભળાટ મચી ગયો છે. ત્યારે આગામી સમયમાં જિલ્લા પ્રમુખના મનસ્વી નિર્ણયોથી કંટાળેલા અનેક કાર્યકરો રાજીનામાં આપે તેવી સંભાવનાઓ સેવાઈ રહી છે. મળતી માહીતી મુજબ વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં છેલ્લા ઘણા સમયથી કોંગ્રેસ પ્રમુખ તરીકેની જવાબદારી સંભાળતા કોંગ્રેસ નેતા સોમાભાઈ બાત્રી દ્વારા એકા એક પક્ષમાંથી રાજીનામું આપી દેતા પક્ષના કાર્યકરોમાં અંદરો અંદર અનેક ચર્ચાઓ શરૂ થવા પામી હતી. ત્યારે કોંગ્રેસ પ્રમુખ સોમાભાઈ બાત્રીએ રાજીનામું આપ્યા બાદ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અને પૂર્વ ધારાસભ્ય પર આક્ષેપ કર્યો છે.

# ઝાલોદના હિરેન પટેલની હત્યાકાંડમાં મોટા માથા સંડોવાયેલ હોવાની ચર્ચા

દાહોદ,

ઝાલોદ નગરના નગરપાલિકાના કાન્સીલર હિરેન પટેલના હત્યાકાંડમાં અત્યાર સુધી કુલ આઠ આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે. ત્યારે આ હત્યાકાંડમાં ઝાલોદના ધારાસભ્ય ભાવેશ કટારાના ભાઈ અમીત કટારા અને કુખ્યાત ઈમરાન ગુડાલા ઉર્ફે ઈમુ ડાંડના તારીખ ૫મી જાન્યુઆરીના રોજ રિમાન્ડ પુરા થતાં તેઓને જ્યુડીશીયલ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા હતાં. આ સાથે જ આ હત્યાકાંડમાં હજુ પણ મુખ્ય ચહેરાઓ સંડોવાયેલ હોવાનું ભારે ચર્ચાઓ થવા માંડી છે અને દાહોદને અડીને આવેલ સરહદોમાં આ બીજા આરોપીઓ આસરો લઈ રહ્યા હોવાની બિન સત્તાવારી રીતે માહીતી મળી રહી છે.

બહુચર્ચિત એવો દાહોદ જિલ્લાના ઝાલોદ નગરપાલિકાના કાઉન્સીલ હિરેન પટેલના હત્યાકાંડમાં એકપછી એક આરોપીઓને પોલીસ તેમજ ગુજરાત એટીએસની ટીમે ઝડપી પાડ્યા બાદ આ કેસમાં નવો બળાંક આવ્યો હતો અને આ હત્યાકાંડમાં હરિયાણાથી ઝાલોદના ઈમરાન ગુડાલા ઉર્ફે ઈમુ ડાંડને ગુજરાત એટીએસની ટીમે ઝડપી પાડ્યો હતો. ઈમરાન ગુડાલાને ઝડપી પાડતાં વેંત આ હત્યાંકાડમાં ઝાલોદના ધારાસભ્ય ભાવેશ કટારાના ભાઈ અમીત કટારાનું નામ પણ ઉછળતાં એક્શનમાં આવેલ દાહોદ એલ.સી.બી.પોલીસ તેમજ જિલ્લા પોલીસની સંયુક્ત ટીમે આ અમીત કટારાને તેના આશ્રય સ્થાનેથી ગણતરીના ક્લાકોમાં ઝડપી પાડ્યો હતો અને આ બંન્ને કોર્ટમાં રજુ કરતાં ઝાલોદ કોર્ટે આ બંન્નેના રિમાન્ડ મંજુર કર્યા હતા ત્યારે આ બંન્નેના રિમાન્ડ તારીખ પાંચ જાન્યુઆરીના રોજ પુરા થયાં હતાં. આ બાદ તેઓને પુનઃ કોર્ટમાં રિમાન્ડ માટે રજુ કરવામાં આવ્યા હતા કે નથી? તેની હજુ કોઈ સત્તાવાર માહિતી મળી ન હતી પરંતુ જાણવા મળ્યા મુજબ આ બંન્નેને ગોધરાની જ્યુડીશીયલ કસ્ટડીમાં મોકલી દેવામાં છે. જાણવા મળ્યા પ્રમાણે આ હત્યાકાંડમાં હજુ પણ બે ચહેરાઓ સામેલ છે અને તે દાહોદની સરહદી વિસ્તારમાં આશરો લઈ રહ્યા હોવાની પણ ભારે ચર્ચાઓએ જોર પકડ્યું છે ત્યારે આ આરોપીઓને પણ પોલીસ દ્વારા વહેલામાં વહેલી તકેઝડપી પાડવામાં આવે તેવી અંદરખાને માંગણીઓ પણ વહેતી થવા માંડી છે. આ હત્યાકાંડમાં વાપરવામાં આવેલ ડાલા પીકઅપ ગાડી હાલ પણ પોલીસની પકડથી દુર રહી છે જો આ ડાલા પીકઅપ ગાડી કબજે કરી દેવામાં આવે તો આ હત્યાકાંડ પાછળનો સાચો ભેદ ઉકેલી જવાની શક્યતાઓ દર્શાવાઈ રહી છે.

# દાહોદ રેલ્વે સ્ટેશન પર માલગાડીની અડફેટમાં યુવાનનું મોત


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ રેલ્વે સ્ટેશનના પ્લેટફોર્મ ખાતે માલગાડીની અડફેટે એક આશાસ્પદ યુવક આવી જતાં ઘટના સ્થળ પરજ તેનું કમકમાટી ભર્યું મોત નીપજતાં પંથકમાં રેલ્વે તંત્ર આલમમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો. આ યુવકના મોતને પગલે કુટુંબીજનો પણ રેલ્વે સ્ટેશન ખાતે આવી પહોંચ્યા હતા અને જ્યાં પરિવારજનોમાં આક્રંદનો માહોલ પ્રસરી જવા પામ્યો હતો.

મળતી પ્રાપ્ત વિગતો અનુસાર, દાહોદ જિલ્લાના ફતેપુરા ખાતે રહેતા નિલેશ કટારા નામક યુવક આજરોજ દાહોદ રેલ્વે સ્ટેશન ખાતે કોઈ કામ અર્થે આવ્યાં હતાં. આ દરમ્યાન ત્યાંથી એક માલગાડી પ્લેટફોર્મ નંબર ૩ ઉપરથી પસાર થઈ રહી હતી. આ માલગાડીની અડફેટે નિલેશ કટારા જોતજોતામાં આવી જતાં માલગીડીના પૈડા તેની ઉપર ચઢી ગયા હતા અને ઘટના સ્થળ પરજ નિલેશ નામક યુવકના પ્રાણ પંખેરૂ ઉડી ગયા હતાં. શું ખરેખર આ યુવક માલગાડીની અડફેટે આવી ગયો હશે કે પછી તેણે આત્મહત્યા કરી હશે? જેવી અનેક ચર્ચાઓ હાલ નજરજનોમાં વહેતી થવા માંડી છે પરંતુ જે કંઈ પણ હોય પરંતુ મૃતક આ યુવકના પરિવારજનોને જેવી ખબર પડતાંની સાથે જ સ્વજનો દાહોદ રેલ્વે સ્ટેશન ખાતે દોડી ગયા હતાં અને જ્યા આ યુવકનો મૃતદેહ જોતા જ પરિવારજનોમાં આક્રંદનો માહોલ જોવા મળ્યો હતો. નજીકની રેલ્વે પોલીસને પણ ઘટનાની જાણ થતાં રેલ્વે પોલીસના સત્તાધિશો સ્થળ પર દોડી ગયા હતા અને મૃતકના મૃતદેહને નજીકના દવાખાને પીએમ અર્થે લઈ જવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.



દાહોદ જીલ્લા પ્રાથમિક અને શિક્ષણ સમિતિ ઉપક્રમે રક્તદાન કેમ્પ ફતેપુરા, સંજેલી અને સિંગવડ તાલુકા ખાતે આયોજન કરાયું. જેમાં ૫૮ શિક્ષકો દ્વારા રક્તદાન કરાયું.

# ઝાલોદ પાલિકાના સફાઈ કામદારો એ મહિલાને જાતિ અપમાનિત કરતાં પ્રાંત અધિકારીને આવેદન

ઝાલોદ,

ઝાલોદ નગરપાલિકાના સફાઈ કામદારો સાથે ચીફ ઓફિસર સહિત તેમના ડ્રાઈવરો દ્વારા સફાઈ કામદારો તેમજ મહિલાઓ સાથે છેડતી તેમજ જાતિઅપમાનિત શબ્દો બોલતાં આજરોજ ઝાલોદ નગરપાલિકાના સફાઈ કામદારો દ્વારા ઝાલોદ પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપી સાફ સફાઈ કામગીરીથી અળગા રહેવાની ચીમકી ઉચ્ચારી છે.

ઝાલોદ નગરના સફાઈ કામદારો દ્વારા જાણવા મળ્યા અનુસાર, ઈ.પી.એફ. અને કાયમી નોકરીની રજુઆત માટે તેઓ ઝાલોદ પાલિકાના ચીફ ઓફિસર પાસે ગયા હતાં જ્યાં ચીફ ઓફિસર દ્વારા સફાઈ કામદારો સાથે ઉધ્ધતાઈ પુર્વકનું વર્તન કર્યું હતું અને જાતિ અપમાનિત કર્યા હતાં. વધુમાં આ સફાઈ કામદારો દ્વારા જણાવ્યા અનુસાર, આજદિન સુધી તેઓની કોઈપણ સમસ્યાનો હલ થયો નથી, વારંવાર ચીફ ઓફિસરને રજુઆત કરવા તેઓ દ્વારા અપમાનિત કરવામાં આવી રહ્યાં છે જેથી આ સફાઈ કામદારો દ્વારા નગરમાં સફાઈ કામગીરી આજથી બંધ કરી દીધી છે અને ન્યાય નહીં નહીં મળે ત્યાર સુધી પોતાના કામકાજથી અળગાં રહેવાની ચીમકી પણ ઉચ્ચારી છે. ગામમાં મહામારી કે કોઈપણ સમસ્યા સર્જાયા તેની સંપુર્ણ જવાબદારી ચીફ ઓફિસરની રહેશે તેમ પણ આવેદનપત્રમાં જણાવ્યું છે.

# ઈમરજન્સીને પહોંચી વળવા ૧૩ જેટલી ૧૦૮ની ટીમ સ્ટેન્ડબાય રહેશે

ગાંધીનગર,

ઉત્તરાયણને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે. ઉત્તરાયણમાં ઈમરજન્સી બનાવો વધુ બનતા હોય છે તે માટે ઈમરજન્સી સેવામાં અસુવિધા ઉભી ન થાય તે માટે ૧૦૮ના ૧૩ વિવિધ સ્થળો પર ૭૦ જેટલો સ્ટાફ સાથે ૨૪ કલાક એમ્બ્યુલન્સને સ્ટેન્ડ બાય રાખવામાં આવી છે.

ગાંધીનગર ખાતે કુલ ૧૩ જેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ કાર્યરત છે. કોરોના મહામારી હોય કે કોઈ પણ પ્રકારની ઈમરજન્સી સેવા માટે ૧૦૮ દર વખતે તૈયાર હોય છે. ઉત્તરાયણમાં દોરીથી કપાવાનાં, ફોલ ડાઉન, રોડ અકસ્માતના બનાવો તથા અન્ય મેડિકલ ઈમરજન્સીમા વધારો થતો હોય છે. આથી ઈન્ફોસિટી, સેક્ટર ૧૭, સેક્ટર ૨૦, ચિલોડા, માણસા, રાંધેજા, મહુડી અડાલજ, કલોલ, ખાત્રજ સાથે બહિયલ, રખિયાલ અને દહેગામ જેટલા વિવિધ લોકેશન પર ૧૦૮ ઈમરજન્સી સેવા મેઈન હાઈવે પર ૨૪ કલાક ખડે પગે રહેશે. તેમ ગાંધીનગર જિલ્લા પ્રોગ્રામ મેનેજર સંદિપ ગઢવી તથા અક્ષય પંચાલ એ જણાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, રાજયમાં ઉત્તરાયણને લઈ લોકોમાં ભારે આતુરતા જોવા મળતી હોય છે અને સવારથી જ લોકો પોત પોતાના ધાબા પર પતંગ ચગાવવા માટે પહોંચી જતા હોય છે. ત્યારે આ વખતે સરકારે કોરોના વાયરસની મહામારીને ધ્યાનમાં રાખી ઉત્તરાયણને લઈ ગાઈડલાઈન પણ જાહેર કરી દીધી છે. જેમાં ધાબા પર ફકત પરિવારજનો સાથે જ ઉત્તરાયણ ઉજવી શકશે.

# સાવલીમાં મૃત પામેલા ૩૦ કાગડાના બર્ડ ફ્લૂ રિપોર્ટ પોઝિટીવ આવતા ચકચાર



વડોદરા,

રાજયમાં જૂનાગઢ જિલ્લાના માણાવદર અને સુરત જિલ્લાના બારડોલીના મઢી બાદ હવે બર્ડ ફ્લૂનો ત્રીજો કેસ વડોદરાના સાવલીમાં સામે આવ્યો છે.?? વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના વસતંપુરા ગામમાં ૩૦ કાગડાના ટપોટપ મૃત્યુ થયા બાદ સેમ્પલ ભોપાલ ખાતે રિપોર્ટ માટે મોકલવામાં આવ્યા હતા. જ્યાં કાગડાના રિપોર્ટ બર્ડ ફ્લૂ પોઝિટિવ આવ્યા છે. જેને પગલે પશુપાલન વિભાગની ટીમ દોડતી થઈ ગઈ છે અને પશુપાલન વિભાગના અધિકારીઓએ કલેક્ટર સાથે બેઠક યોજી છે અને પશુપાલન વિભાગની ટીમે સાવલી તાલુકાના મરઘા ઉછેર કેન્દ્રોને સાવચેતીના પગલા લેવા માટે સૂચનાઓ આપી છે.

સાવલી તાલુકાના વસંતપુરા ગામમાં ગુરૂવારે સાંજના સમયે ૩૦ જેટલા કાગડાઓ ભેદી રીતે મૃત્યુ થયા હતા. જેથી બર્ડ ફ્લૂના કારણે તો આ કાગડા નથી મર્યાને તેની શંકાએ લોકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. ગ્રામજનોએ આ કાગડાઓને ભેગા કરીને મીઠુ ભભરાવી ખાડામાં દાટી દીધા હતા. આ અંગેની જાણ થતાં પશુપાલન વિભાગની ટીમ ઘટના સ્થળે પહોચી હતી અને મૃત કાગડાના સેમ્પલ લઈ લીધા હતા અને ભોપાલ તપાસ માટે મોકલી આપ્યા હતા. જેનો રિપોર્ટ આજે બર્ડ ફ્લૂ પોઝિટિવ આવ્યા છે.

વડોદરા જિલ્લા પશુપાલન નાયબ નિયામક ડો. પ્રકાશ દરજીએ જણાવ્યું હતું કે, વડોદરા જિલ્લા પશુપાલન ખાતુ વસંતપુરા ગામમાં વેરાઈ માતાના મંદિરની બાજુમાં ૩૦ જેટલા કાગડાના મોત થયા હતા. અમારી ટીમ દ્વારા મૃત કાગડાના સેમ્પલ લેવાયા હતા અને ભોપાલની હાઈસિક્યુરીટી એનિમલ ડિસીઝ લેબમાં મોકલી આપવામાં આવ્યા હતા. જેના રિપોર્ટ પોઝિટિ આવ્યા છે. આ ઉપરાંત કરજણ તાલુકાના કીયા ગામમાંથી મળેલા કબૂતર અને વડોદરાની રિલાયન્સ ટાઉનશિપમાંથી મળેલા ૨ મોરના સેમ્પલ પણ તપાસ માટે ભોપાલ મોકલવામાં આવશે.

વધુમાં તેઓએ જણાવ્યું હતું કે, મરઘા ફાર્મમાં તપાસ હાથ ધરી હતી. જેમાં અમે સાવચેતીને લગતી કેટલીક સૂચના આપી હતી. માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સિંગ ઉપરાંત ગ્લોવ્ઝ અને સેનેટાઈઝરનો ઉપયોગ તથા વ્યક્તિઓની અવરજવર પર પ્રતિબંધો મૂક્યાં છે. આ ઉપરાંત સ્વચ્છતા જાળવવાનું પણ કહેવામાં આવ્યું છે. આ ઉપરાંત શહેર-જિલ્લામાં જ્યાં જ્યાં પશુપાલન વિભાગની તપાસ ટીમો ગઈ હતી અને સાવલી તાલુકાના મરઘા ઉછેર કેન્દ્રોને સાવચેતીના પગલા લેવા માટે સૂચનાઓ આપી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 120

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## ગોધરા ખાણ-ખનિજ વિભાગના જુનિયર કલાર્કને

# ACB દ્વારા ધરપકડ બાદ કોર્ટમાં હાજર : ૩ દિવસના રિમાન્ડ મંજુર



ગોધરા,

ગોધરા ખાણ-ખનિજ વિભાગના જુનિયર કલાર્કને ૫.૧૪ લાખ રૂપીયાની રોકડ સાથે એસીબી દ્વારા ઝડપી પાડવામાં આવ્યા હતા. એસીબી દ્વારા બિનહિસાબી નાણાં સાથે પકડાયેલ કર્મચારીને આજરોજ કોર્ટમાં રજુ કરવામાં આવ્યા હતા. કોર્ટ દ્વારા ત્રણ દિવસના રિમાન્ડ મંજુર કરવામાં આવ્યા.

પંચમહાલ જીલ્લા ખાણ-ખનિજ કચેરીમાં જુનિયર કલાર્ક તરીકે ફરજ બજાવતા કર્મચારી શૈલેષ અમૃતલાલ પટેલને ૭ જાન્યુઆરીના રોજ એસીબી કંટ્રોલ રૂમ ખાતે મળેલ માહિતીના આધારે ગોધરા એસીબી દ્વારા વોચ ગોઠવવામાં આવી હતી. એસીબી દ્વારા શૈલેષ પટેલને ગોધરા-અમદાવાદ હાઈવે રોડ ઉપર ટોલ બુથ પાસેથી બાતમીવાળી કારને રોકી હતી અને ચેકીંગ દરમ્યાન શૈલેષ પટેલની કારમાંથી ૫.૧૪ લાખની રોકડ સાથે ઝડપેલ ખાણ-ખનિજ વિભાગના કર્મચારી જુનિયર કલાર્ક શૈલેષ પટેલ પાસેથી મળેલ રોકડ લાંચ થી મેળવેલ હોવાની શંકા વ્યક્ત કરી હતી. એસીબી ગોધરા દ્વારા ૫.૧૪ લાખની રોકડ સાથે ઝડપાયેલ કર્મચારીને તેમની પાસેથી મળેલ રકમ કયાંથી કોની પાસે મેળવવામાં તેની પૂછપરછ કરવામાં આવ્યા છતાં એસીબીના હાથે ઝડપાયેલ શૈલેષ પટેલ કારમાંથી પકડાયેલ ૫.૧૪ લાખની રોકડનો ખુલાસો કરી શકયો ન હતો. વડોદરા ગ્રામ્ય એસીબી દ્વારા ૭ જાન્યુઆરી એ પકડાયેલ ખાણ-ખનિજ વિભાગના જુનિયર કલાર્કને આજરોજ રિમાન્ડ મેળવવા માટે કોર્ટમાં રજુ કરવામાં આવ્યો હતો. કોર્ટ દ્વારા શૈલેષ પટેલના ૩ દિવસના રિમાન્ડ મંજુર કરવામાં આવ્યા છે. કોર્ટ દ્વારા ૩ દિવસના રિમાન્ડ આપવામાં આવતાં એસીબી દ્વારા ખાણ-ખનિજ વિભાગના શૈલેષ પટેલ પાસેથી ૫.૧૪ લાખની રકમ લાંચ થી કોની પાસેથી મેળવવામાં આવી છે. તે હવે ખુલશે ખરી ? ખાણ-ખનિજ વિભાગના જુનિયર કલાર્કના કોર્ટની રિમાન્ડ મેળવીને વડોદરા ગ્રામ્ય એસીબી દ્વારા વધુ તપાસમાં વધુ વિગતો ખુલશે.

## કોરોનાને લીધે પાવાગઢમાં દર વર્ષે યોજાતી પરિક્રમા મોકૂફ


તસ્વીર : નીલેશ જોષી, પાવાગઢ

પાવાગઢ,

કોરોના સંકટને કારણે અત્યાર સુધી અનેક કાર્યક્રમો અને આયોજનો રદ કરવા પડ્યા છે. ત્યારે હવે યાત્રાધામ પાવાગઢ ખાતે યોજાતી પાવાગઢ પરિક્રમા કોરોના વાયરસને કારણે મોકૂફ રાખવામાં આવી છે. મહત્વનું છે કે પાવાગઢમાં છેલ્લા પાંચ વર્ષથી માગશર વદ અમાસે આ પરિક્રમા યોજવામાં આવે છે. પરંતુ હાલ રાજ્યમાં કોરોના વાયરસની વર્તમાન સ્થિતિને ધ્યાનમાં રાખી આ પરિક્રમા રદ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

યાત્રાધામ પાવાગઢ ખાતે આ વર્ષે ૧૩મી જાન્યુઆરીએ પરિક્રમા યોજાવાની હતી. જેનું આયોજન પાવાગઢ પરિક્રમા યાત્રા સમિતિ અને સ્થાનિક યુવક મંડળ દ્વારા કરવામાં આવે છે. છેલ્લા પાંચ વર્ષથી આ પરિક્રમા માગશુર વદ અમાસે યોજવામાં આવે છે. પરંતુ રાજ્યમાં હાલ કોરોના વાયરસની સ્થિતિને કારણે આ પરિક્રમા રદ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

પાવાગઢમાં યોજાતી આ પરિક્રમામાં દર વર્ષે રાજ્યભરમાંથી મોટી સંખ્યામાં લોકો જોડાતા હોય છે. મહત્વનું છે કે કોરોના મહામારીને કારણે અત્યાર સુધી અનેક ધાર્મિક કાર્યક્રમો મોકૂફ રાખવામાં આવ્યા છે. આ અંગે વાત કરતા પાવાગઢ પરિક્રમા યાત્રા સમિતિના અધ્યક્ષ ડો. પરાગ પંડ્યાએ કહ્યુ કે, કોરોનાની વર્તમાન સ્થિતિને ધ્યાનમાં રાખી આ પરિક્રમા મોકૂફ રાખવામાં આવી છે. જો આગામી ચૈત્ર મહિનામાં પરિસ્થિતિ અનુકૂળ હશે તો યાત્રાનું આયોજન કરવામાં આવશે.

## પંચમહાલ જિલ્લામાં વિવિધ સ્થળોએ વિદ્યાર્થી આવકાર કાર્યક્રમ યોજાયા


તસ્વીર : નરેન્દ્ર પરમાર, હાલોલ

ગોધરા,

હાલોલ તાલુકાના નવાકુવા ગામે આવેલ નુતન વિદ્યાલય ખાતે કૃષિ, પંચાયત અને પર્યાવરણ રાજયમંત્રી જયદ્રથસિંહ પરમારની ઉપસ્થિતિમાં શિક્ષણ કાર્યનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. કોરોના મહામારીના કારણે ૨૯૪ દિવસ શાળાઓ બંધ રહ્યા બાદ ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે કોરોના સામે તકેદારીઓના શિક્ષણકાર્ય ની શરૂઆત થઈ રહી છે ત્યારે પંચમહાલ જિલ્લામાં પણ આ વિદ્યાર્થીઓને શાળામાં પુનઃ આવકારતા મંત્રી જયદ્રથસિંહ પરમારે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકાર અને મુખ્યમંત્રીના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારે કોરોના સંક્રમણ સામે લીધેલા લોકડાઉન સહીતના સમયસરના પગલાંને પરિણામે દેશમાં કોરોનાની વિપરીત અસરો વિશ્વની તુલનાએ મંદ જોવા મળી છે. આ સમયમાં બાળકોના સ્વાસ્થ્યને ધ્યાનમાં લઇ માર્ચ મહિનાથી શાળાઓ બંધ રાખવામાં આવી હતી. પરંતુ જૂન મહિનાથી આ મહામારીના સમયમાં પણ બાળકોનું શિક્ષણ બગડે નહીં, આ માટે પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય બંધ હોવા છતાં શિક્ષણ વિભાગ દ્વારા ટેકનોલોજીના માધ્યમથી ઓનલાઇન શિક્ષણ કાર્ય શરૂ કરવામાં આવ્યું હતું. ડીડી ગિરનાર, વંદે ગુજરાત ચેનલ, યુ-ટ્યુબ, વર્ચ્યુઅલ કલાસરૂમ વગેરે ડિજિટલ માધ્યમો દ્વારા પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક દરેક કક્ષાના વિદ્યાર્થીઓ માટે ઓનલાઇન શિક્ષણકાર્ય રાજ્ય સરકાર દ્વારા શરૂ કરાયું હતું. જે આજદિન સુધી ચાલુ જ છે, પરંતુ હવે રાજ્યમાં કોરોનાના કેસો હળવા થતા આજથી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ તથા કોલેજના વિદ્યાર્થીઓની કારકિર્દીના અગત્યના વર્ષો હોય તેમના માટે પ્રથમ ચરણના ભાગરૂપે પ્રત્યક્ષ શિક્ષણકાર્યનો આજથી પ્રારંભ થઇ રહ્યો છે.

જેમાં કોવિડ-૧૯ની ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન કરી વાલીની સંમતિ સાથે વિદ્યાર્થીઓ શાળામાં શિક્ષણ મેળવવા આવ્યા છે. શાળાઓ દ્વારા પણ કોવિડ-૧૯ની ગાઈડલાઈનનું સંપૂર્ણ પાલન કરવામાં આવશે. ૧૬મી જાન્યુઆરીથી રસીકરણની શરૂઆત થઈ રહી છે. ત્યારે સત્રના બાકી રહેલા સમયનો સદઉપયોગ કરી વિદ્યાર્થીઓને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે પ્રયત્નબદ્ધ થવા અને અતિ મહત્વનો એવો ધોરણ ૧૦ અને ૧૨નો અભ્યાસક્રમ સારી રીતે પૂર્ણ કરવા મંત્રીએ જણાવ્યું હતું. અભ્યાસ અને બોર્ડની પરીક્ષાઓ માટે વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવવા સાથે મંત્રીએ વિદ્યાર્થીઓ, તેમના વાલીઓ અને શિક્ષકોને કોરોનાથી બચવા અંગે સરકારે જાહેર કરેલી માર્ગદર્શિકાનું સખતપણે પાલન કરવા અને કોઈ ઢીલાશ ન દાખવવા પણ તાકીદ કરી હતી જેથી સંક્રમણનો ભોગ બની પરીક્ષા અગાઉ કોઈ પણ વિદ્યાર્થી ના કિંમતી દિવસો ન બગડે.

## શહેરા અણીયાદ ચોકડી વિસ્તારના બંધ ઘરને તસ્કરોએ નિશાન બનાવી ચોરી કરી ફરાર


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા નગરની અણીયાદ ચોકડી વિસ્તારમાં પોલીસ પોઈન્ટ થી બસો મીટર દૂર આવેલ ગ્રીન પાર્ક સોસાયટીમા બંધ મકાન મા ચોરોએ ચોરીને અંજામ આપ્યો હતો.જેને લઈને આ વિસ્તારમાં આવેલસોસાયટી રહીશોમાં ચોરોની એન્ટ્રી થતાં ફફડાટ ફેલાયો છે.

શહેરા નગર મા વધતી જતી ઠંડી વચ્ચે તસ્કરોનું આગમન થયું છે. નગરના અણીયાદ ચોકડી વિસ્તારમાં પોલીસ પોઈન્ટ થી બસો મીટર દૂર આવેલ ગ્રીન પાર્ક સોસાયટી મા રહેતા કિકા ભાઈ ગરવાલ પોતાના વતન દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના વડવાસ ખાતે ગયા હતા. ત્યારે તેમના બંધ મકાનને અજાણ્યા ચોરોએ દરવાજાનુ તાળું તોડીને અંદર પ્રવેશ કરીને ચોરીને અંજામ આપ્યો હતો. શિયાળાની કકડતી ઠંડીમાં ચોર ટુકડી ધીમે ધીમે સક્રિય થઈ રહી હોવાથી આ વિસ્તારના નગરજનોમાં ફફડાટ ફેલાયો છે. પોલીસ પોઈન્ટ થી થોડે દૂર ચોર ટુકડીએ ચોરી કરીને પોલીસ ને પડકાર ફેંકતા હોય તેમ લાગી રહ્યુ છે.પોલીસ દ્વારા નાઈટ પેટ્રોલીંગ સાથે આ વિસ્તારમાં ફરીથી ચોરીના થાય તે માટેના પ્રયાસો હાથધરી ને ચોરોને પકડી પાડે તેવી આ વિસ્તારની સોસાયટીના રહીશો ઇચ્છી રહયા છે.

## પંચમહાલ જીલ્લામાં આજે ૦૫ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૩૮૭૫ થયો

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૦૫ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. નવા ૦૫ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૩૮૭૫ થવા પામ્યો છે. છે. તેમાં ગોધરા-૦૩, હાલોલ-૦૧, કાલોલ-૦૧ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા

**- ૧૨ દર્દી સાજા થતાં રજા અપાઈ.**
**- એકટીવ કેસ ૧૩૬.**
**- મૃત્યુ આંક - ૧૩૬.**

પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૦૫ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

## શહેરામાં ધો.૧૦ અને ૧૨ વિદ્યાર્થીને આવકાર અપાયો


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરામાં આવેલ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કોરોના મહામારી ના ૯ મહિના બાદ અભ્યાસ કરતા ધોરણ ૧૦અને ૧૨ ના વિદ્યાર્થીઓ ને શાળા પરીવાર એ ગુલાબ ની ફૂલ આપીને આવકાર આપવામા આવ્યા હતો. જયારે ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ એ નગર ની એસ.જે.દવે હાઈસ્કુલ ખાતે ઉપસ્થિત રહયા હતા.તમામ હાઈસ્કૂલો મા વિદ્યાર્થીઓને વાલીના સંમતિ પત્રક સાથે વર્ગખંડમાં સોશિયલ ડિસ્ટન્સ સહિત કોવિડ ૧૯,ના નિયમોનું ચુસ્તપણે પાલન કરવામા આવી રહ્યુ હતુ. શહેરા સહિત તાલુકામાં આવેલ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં કોરીનાની મહામારી ને લઈને નવ મહિનાથી શિક્ષણ કાર્ય બંધ હતું. જ્યારે સોમવારના રોજ થી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં ધોરણ ૧૦ અને ૧૨ મા શૈક્ષણિક કાર્ય શરૂ થયેલ હતું. વિદ્યાર્થીઓ શાળાના સમય દરમિયાન આવી ગયા હતા. એસ.જે.દવે હાઈસ્કુલ ખાતે ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ અને જિલ્લા શિક્ષણ કચેરી ખાતેથી આવેલ શિક્ષણ નિરીક્ષક જીજ્ઞેશભાઈ પટેલ, બી.આર.સી કલ્પેશ પરમાર તેમજ આ શાળા ના આચાર્ય વિપુલ પાઠક એ ઉપસ્થિત વિદ્યાર્થીઓને શાળા મા પ્રવેશ આપ્યો હતો. જ્યારે શારદા મંદિર હાઈસ્કુલ ખાતે બી.જે.પટેલ અને શાળા પરીવાર એ વિર્દ્યાથીઓ ને માસ્ક અને ગુલાબનુ ફુલ આપીને આવકાર આપ્યો હતો. તાલુકાની તમામ હાઈસ્કૂલો મા વિદ્યાર્થીઓને વાલીના સંમતિ પત્રક સાથે વર્ગખંડમાં સોશિયલ ડિસ્ટન્સ સહિત કોવિડ ૧૯,ના નિયમોનું ચુસ્તપણે પાલન કરવામા આવી રહ્યુ હતું. જોકે અમુક હાઈસ્કૂલ મા વીર્દ્યાથીઓ ની પાકી હાજરી જોવા મળી હતી. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ કોરોનાની મહામારી વચ્ચે શરૂ થતા અમુક વાલીઓએ પોતાના સંતાનો પ્રથમ દિવસે મોકલ્યા ન હતા.


તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

ગોધરા શહેરની નૂતન હાઈસ્કૂલ તારીખ ૧૧/૦૧/૨૦૨૧ના રોજ ૧૦ મહિના બાદ શાળાઓ ખુલતાં વિદ્યાર્થીઓના કલરવથી ગૂંજી ઉઠી હતી. શાળામાં ધોરણ ૧૦માં ૫૫ વિદ્યાર્થીઓ અને ધોરણ ૧૨ માં ૧૯ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. શાળા દ્વારા વિદ્યાર્થીઓને માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું. આચાર્ય દ્વારા વિદ્યાર્થીઓને શાળામાં આવકારવામાં આવ્યા અને શિક્ષકો દ્વારા શૈક્ષણિક કાર્યની શરૂઆત થઈ હતી. ખરા અર્થમાં શાળા સજીવન થઈ હોય તેવો એહસાસ થયો હતો.

## ગોધરા અમન ડે સ્કુલમાં કલેકટર દ્વારા વિદ્યાર્થીઓને આવકાર્યા

ગોધરા,

પંચમહાલ જિલ્લામાં લોકડાઉન બાદ પ્રથમવાર આજે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકની ૩૦૦ જેટલી શાળાઓ શરૂ કરવામાં આવી હતી, જેમાં ગોધરા ખાતે જિલ્લા કલેકટરે અમન ડે સ્કૂલ ગોધરા ખાતે ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓને આવકારી શાળા વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું હતું.

રાજ્ય સરકારના પરિપત્ર બાદ લોકડાઉન બાદ પ્રથમ વાર આજે રાજ્યમાં શાળાઓ શરૂ કરવામાં આવી હતી. બીજી તરફ આજે પંચમહાલ જિલ્લામાં આવેલ ૩૦૦ જેટલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ખુલ્લી મુકવામાં આવી હતી, શરૂઆતના તબક્કામાં ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવવામાં આવશે, તો બીજી તરફ પંચમહાલ જિલ્લાના શાળા સંચાલકો દ્વારા પણ સરકારે જાહેર કરેલી એસઓપી મુજબની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી, પંચમહાલ જિલ્લા કલેકટર અમિત અરોરા દ્વારા ગોધરા ખાતે આવેલી અમન ડે સ્કૂલમાં ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને આવકાર્યા હતા સાથે સાથે જિલ્લા કલેકટર દ્વારા વર્ગખંડો ની પણ મુલાકાત લેવામાં આવી હતી અને પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. તયારે પંચમહાલ જિલ્લા માં શાળા શરૂ થયાના પ્રથમ દિવસે જિલ્લાના ૩૦ હજાર ઉપરાંત વિદ્યાર્થીઓ પૈકી ૬૫૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ અર્થે હાજર રહ્યા હતા.ત્યારે જિલ્લા કલેકટર દ્વારા વિદ્યાર્થીઓ ના આવકારવા ના કાર્યક્રમ માં ઉપસ્થિત રહ્યા હતા.જેઓની સાથે અમન ડે સ્કૂલ ગોધરા ના ટ્રસ્ટી નિકુંજ જાની, પિન્ટુ જાની, અમન જાની તેમજ શિક્ષકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહયા હતા.

## કાલોલના કરાડા ગામે જુગાર રમતા ૩ જુગારીયાને ૧૦ હજાર સાથે ઝડપી પાડવામાં આવ્યા

કાલોલ,

કાલોલ તાલુકાના કરાડા ગામે પ્રા.શાળાની પાછળ ખેતરમાં જુગાર રમી રહ્યા છ. તેવી બાતમીના આધારે વેજલપુર પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન ત્રણ ઈસમોને ૧૦,૪૨૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે પાડવામાં આવ્યા હતા. પકડાયેલ ઈસમો પાસેથી અંગઝડતીમાં રોકડા ૭૦૦૦/-રૂપીયા દાવ ઉપર મુકેલ ૩,૪૨૦/-રૂપીયા મળી કુલ ૧૦,૪૨૦/-રૂપીયાના કબ્જે લેવામાં આવ્યા હતા. જ્યારે પોલીસની રેડ દરમ્યાન વિક્રમ વેલજી નાયક, ઢોલો ઉર્ફે અજય

### પોલીસની રેડ દરમ્યાન ૮ જુગારીયા નાશી છુટીયા

ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે કાલોલ તાલુકાના કરાડા ગામે પ્રા.શાળાની પાછળ ખેતરમાં કેટલાક ઈસમો જુગાર રમી રહ્યા છે. તેવી બાતમીના આધારે વેજલપુર પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન સામત નવલાભાઈ નાયક, ધનાભાઈ ગણપતભાઈ નાયક, નનુભાઈ ગણપતભાઈ નાયકને ઝડપી મનહરભાઈ સોલંકી, નરેન્દ્ર ઉર્ફે કાળીયો જશવંતભાઈ ચૌહાણ, દિલીપ રેસાઈભાઈ રાઠવા, સુનિલ ઉર્ફે પિન્ટો ગણપતભાઈ પટેલ, યોગેશ જયંતિભાઈ પટેલ, મુસ્તુફા, શંભુભાઈ નાશી છુટીયા હતા. આ બાબતે વેજલપુર પોલીસ મથકે જુગારધારા હેઠળ ગુનો નોંધી અન્ય જુગારીયાઓને ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી છે.

## ગોધરા તાલુકાના છારીયા ગામેથી ઈંગ્લીશ દારૂ સાથે એક ઈસમ ઝડપાયો

ગોધરા,

ગોધરા તાલુકાના છારીયા ગામ રહેણાંક મકાનમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખીને વેચાણ કરતા હોય તેવી બાતમીના આધારે પોલીસે રેડ કરી. ઈંગ્લીશ દારૂના કવાટરીયા નંગ-૪૬ કિંમત ૮,૯૭૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે આરોપીને ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના છારીયા નિશાળ ફળીયામાં રહેતા વિનુભાઈ લાલસિંગભાઈ રાઠવા પોતાના રહેણાંક ઘરમાં દારૂનો જથ્થો રાખીને વેચાણ કરે છે. તેવી બાતમીના આધારે પોલીસે રેડ કરી હતી. ઘરમાંથી ઈંગ્લીશ દારૂના કવાટરીયા નંગ-૪૬ કિંમત ૮,૯૭૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે પોલીસના હાથે ઝડપાઈ જવા પામ્યો હતો. આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## સંતરોડ બી.જે.ભાટીયા સ્કુલમાં વિદ્યાર્થીઓને પ્રથમ દિવસે આવકાર્યા

ગોધરા,

સંતરોડ ખાતે ની જે.આર.ભાટીઆ હાઈસ્કૂલ માં આજ રોજ રાજ્ય સરકાર ના આદેશ અને સૂચનો નો અમલ કરી તેમજ કોવિડ ૧૯ ની ગાઈડ લાઈન અનુસરી ધો.૧૦ અને ધો.૧૨ ના વિદ્યાર્થીઓ ને શૈક્ષણિક કાર્ય(સ્કૂલો)ની શરૂઆત કરવામાં આવી હતી. કોવિડ મહામારી ના કારણે છેલ્લા ૧૦ મહિનાઓ થી વિદ્યાર્થીઓ ના સુરક્ષા ના ભાગરૂપે રાજ્ય સરકાર દ્વારા સ્કૂલ કોલેજો બંધ રાખવામાં આવી હતી. ત્યારે ૧૦ મહિનાના અંતરાલ બાદ આજ રોજ થી ધો.૧૦ અને ધો.૧૨ ના વિદ્યાર્થીઓ માટે સ્કૂલો કોરોના ની ગાઈડ લાઈન અનુસાર શરૂ કરવામાં આવી હતી. ત્યારે આગામી બોર્ડ ની પરીક્ષાઓ ને ધ્યાન માં રાખી સ્કૂલો ખુલવા પામી હતી. ત્યારે સંતરોડ ખાતે ની જે.આર. ભાટીઆ હાઈસ્કૂલમાં જિલ્લાની શિક્ષણાધિકારી કચેરીના સુજીતભાઈ, સી.આર. સી.સંતરોડ, ડો.ભાટીઆ તેમજ ગામના પ્રતિષ્ઠિતો ઉપસ્થિતીમાં ધો.૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓ ને સેનેટાઈઝર, માસ્ક, સાથે આવકારવમાં આવ્યા હતા.



રાજયમાં આજ થી દશ મહિના બાદ સ્કૂલ કોલજ ચાલુ કરવામાં આવી છે. ત્યારે મોરવા હડફ ધી કૃષિકાર માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક સ્કૂલ ચાલુ કરવામાં આવી હતી. ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થી ને વાલીઓને સંમતિ સાથે વિદ્યાર્થી શાળામાં આવી રહ્ય છે. શાળા માં આવતા વિદ્યાર્થી ને માસ્ક સેનિટાયઝર સોશિયલ ડિસ્ટનસ જાળવીને વિદ્યાર્થી ને શાળામાં આવકાર્ય છે શાળાના આચાર્યે અને શિક્ષકો દ્વારા કોરોના સાવચેતી ની માહીતી આપવામાં આવી છે.